નડીયાદના શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયદ્વારા પ્રકાશિત
ગ્રંથમાળા.

ગ્રંથરત્ન ૨.

## શ્રીમદ્વિઠ્ઠલનાથજી ( શ્રી ગુસાંઇજી ) કૃત

# भक्तिहंस.

વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રી છગનલાલ અમરજીના
હાથથી લખાએલી,
શુદ્ધ ગુજરાતી સરળ અને વિસ્તારવાળી ટીકા સાથે.

પ્રકટ કરનાર
**ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ.**
શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી અને શ્રીવલ્લભીય
ગ્રંથ પ્રકાશક ફંડના વ્યવસ્થાપક.
**નડિયાદ.**

વલ્લભાબ્દ ૪૩૨.　　　　સંવત ૧૯૬૭.

સર્વે હક્ક પ્રકટકર્ત્તાએ સ્વાધીન રાખ્યા છે.

ન્યોછાવર બે આના.

અમદાવાદ—ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

श्रीकृष्णाय नमः

## શ્રીમદ્વિઠ્ઠલનાથજી ( શ્રીગુસાંઇજી ) વિરચિત

# भक्तिहंस.

કર્મ, જ્ઞાન અને ઉપાસનામાત્રમાં પરાયણપુરૂષો છે તે તે તે મતના અનુસારે ભક્તિના સ્વરૂપનું નિરૂપણ કરે છે પણ તેઓ ભક્તિના યથાર્થ તત્વને જાણતા નથી માટે તેના મતનો નિરાસકરવાની ઇચ્છાથી ભક્તિમાર્ગમાં સિદ્ધસ્વરૂપનું નિરૂપણ કરવામાટે શ્રીગુસાંઇજી એ શ્લોકથી મંગલાચરણ કરે છે.

**जयंति पितृपादाब्जरेणवो यत्प्रसादतः ।**
**भक्तिः प्राप्ता तदन्याध्वमोहाभावश्च पंडितैः ॥ १ ॥**

અર્થ—પિતાશ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની રજ સર્વત્ર ઉત્કર્ષથી વર્ત્તે છે. જે રજના પ્રસાદથી પંડિતોયે ભક્તિ અને તે શિવાયના પ્રાપ્તિના માર્ગમાં મોહનો અભાવ મેળવેલો છે. (૧)

**मंत्रोपासनवैदिकतांत्रिकदीक्षार्चनादिविधिभिर्यः ।**
**अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम् ॥ २ ॥**

અર્થ—મંત્ર, ઉપાસના, વૈદિક તથા તાંત્રિક દીક્ષા અને અર્ચનાદિક વિધિયો જે ભગવાનને પહોચી શકતા નથી, અને પોતાના ભક્તોમાં રમણ કરે છે તે ભગવાન્ મારૂં સર્વસ્વ હો; એટલે જે કાંઈ કર્મ કરવું હોય તેમાં કાંઇ પણ કામના હોય અને તે કામનાથી ગમે તે મંત્રનો જપાદિક કરે તેથી ભગવાન્ વશ થતા નથી; તેમ પુરશ્ચરણપૂર્વક તેનું સાધન કરવું તે ઉપાસના કહેવાય છે, વૈદિકમંત્રથી વિધિપૂર્વક દીક્ષા લેવાય છે, અને નારદપંચરાત્રવિગેરે આગમમાં કહેલી દીક્ષા તે તાંત્રિકદીક્ષા કહેવાય છે, દ્રવ્યાદિકવડે કોઈનીપાસે પૂજનાદિક કરાવવું તે અર્ચન

કહેવાય છે, ઇત્યાદિકવિધિને આધીન ભગવાન્ નથી, પણ કેવળ ભક્તિને આધીનજ છે. તેથી પોતાના ભકતોમાં પ્રીતિ માને છે તે ભગવાન્ મારૂં સર્વસ્વ હો. એટલે મારીબુદ્ધિ અન્યત્ર ક્યાંયપણ આસક્ત નહિં થતાં તેમાં આસક્ત રહો. ત્યાં શંકા થાય કે આ અપૂર્વગ્રંથ કરવાનો પરિશ્રમકરવાથી શું ફલ છે? જ્ઞાન, કર્મ અને ભક્તિના પદાર્થોનું શાસ્ત્રમ નિરૂપણ કરેલ છે તેથી તે બાબતનો કાંઇ સંદેહ નથી માટે અપ્રસિદ્ધ બાબત સિદ્ધકરવામાં કાંઈ પ્રમાણ દેખાતું નથી તેથી નવીનગ્રંથનો પ્રારંભ ન કરવો તે ઉત્તમ છે. એમ શંકા થાય ખરી પણ જો કોઇ બાબતમાં સંદેહ ન રહે તેવો ક્યાંય નિર્ણય જોવામાં આવતો હોય તો પછી નવીનગ્રંથ કરવાનું કાંઈ પ્રયોજન રહે નહિં; પણ તેવો નિર્ણયજ ક્યાંય જોવામ આવતો નથી; કેમકે વેદમાં કહે છે કે આત્માનું શ્રવણ કરવું. તેમજ મનનકરવું ત્યાં શ્રવણાદિક કરવાનો પણ એક વિધિ કહેલો છે અને શ્રીભાગવતસપ્તમસ્કંધમાં પ્રહ્લાદજીયેં નવપ્રકારની ભક્તિમાં શ્રવણકીર્ત્તનાદિક લખેલાં છે ત્યારે તેમાં સંદેહ થાય છે કે શ્રવણના બેભેદ છે કે એક પ્રકાર છે? જો શ્રવણના બે ભેદ હોય તો તેનાથી ફલ ન માગ્યું હોય તે થાય કેમકે જ્ઞાન અને ભક્તિ બન્નેના અંગરૂપ શ્રવણ સિદ્ધ થાય છે અને કયા અધિકારિયેં કયું કરવું? એમ અધિકારીનો પણ વિરોધ આવે તેમ વેદમાં અને શ્રીભાગવતમાં લખેલ શ્રવણ એકજ પ્રકારનું હોય તો વેદમાં અને શ્રીભાગવતમાં જૂદી જૂદી રીતે તે કરવાનું કહેલું છે તેનું વ્યર્થપણું થાય છે. અને તે શિવાય ત્રીજું કહિશકાતું નથી તેમ કેટલાએક તેને જ્ઞાનરૂપપણું કહે છે, અને ભક્તિને તેના અંગપણાથી નિરૂપે છે અને કેટલાએક શુદ્ધસ્નેહરૂપ ભક્તિ છેતેમજ સ્વતંત્રફળવાળી છે એમ કહે છે; એવીરીતે અનેક પ્રકારનો સંદેહ થાય તેને મટાડવા માટે આગ્રંથકરવાની આવશ્યકતા છે તે યોગ્ય છે એવો મનમાં અભિપ્રાય લાવીને આક્ષેપકરીને શ્રીગુસાંઇજી તેબાબતના વિચારનો

ઉપક્રમ કરે છે કે મંત્ર, ઉપાસના વિગેરેથી ભગવાનનો સ્પર્શ થતો નથી એમ જે કહ્યું તે તો અપૂર્વ જેવું લાગે છે એમ કોઇ કહે ત્યાં કહે છે કે ખરીવાત છે! અત્યંતાત્યંત અપૂર્વ છે પણ પૃથ્વીના છિદ્ર જેવા કૂવામાં રહેલા દેડકાના બરોબર તારાજેવાને એ નવીન લાગે છે, પણ વિદ્વાનોને તે અત્યંત અપૂર્વ લાગતું નથી કેમકે પહેલેજ અનેક પ્રમાણથી તે સિદ્ધ છે તે શ્રુતિમાં કહેલ છે કે,

**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेन लभ्यः**

અર્થ—ऋतं च स्वाध्यायप्रवचने च એ અનુવાક છે તેમાં સ્વાધ્યાય અને પ્રવચનને મુખ્યતપપણું સિદ્ધ કરેલું છે, તેસારૂ પ્રથમ તેનો નિષેધ કરીને કોઈ સાધનથી તે આત્મા મળતો નથી એમ બતાવે છે કે ભણાવવું, ધારણશક્તિ અને ઘણું ભણવાથી એ આત્મા મળતો નથી, પણ જે જીવને આ મારો છે એમ આત્મીયપણાથી સ્વીકારે છે તેને તે આત્મા મળે છે. આ ત્રણ બાબતથી આત્મા મળતો નથી એમ લખેલું છે તે તમામ સાધનથી મળતો નથી એમ બતાવવામાટે છે. કારણ કે જેને ભગવાન્ આ પોતાનો છે એમ સ્વીકારે છે તેનાથીજ તે મળે છે, એમ સાધારણ હકિકત કહેલી છે; તેથી જગતમાં ઘણા જીવો છે તેમાંથી જે જીવનો ભગવાન્ આત્મીયપણાથી સ્વીકાર કરે છે તેને ભગવાન્ મળે છે. એટલે ભગવાનના અંગીકારશિવાય બીજા કોઈ પ્રકારથી ભગવાન્ મળતા નથી; અર્થાત્ જીવની કૃતિથી જેટલાં સાધન થઈ શકે છે તેથી તે પ્રાપ્ત થતા નથી, તેથી જીવમાં રહેલી મોટાઈ કાંઇ કામની નથી. શ્રુતિમાં ભગવાન્ પોતાના પણાથી સ્વીકારે છે એમ કહેવું જોઇએ એના બદલામાં ભગવાન્ વરે છે એમ લખ્યું છે તેનું તાત્પર્ય એવું છે કે જેમ કન્યા ઇચ્છિત પુરૂષનેજ પોતાના પતિપણાથી વરે છે અથવા વર પોતાની ઇચ્છિત કન્યાનેજ પોતાની

સ્ત્રીપણાથી વરે છે; તેમ ભગવાન્ પોતાને ઇચ્છિત જીવનેજ પોતાના દાસપણાથી સ્વીકારે છે; એટલે જેમ વર પોતાને ઇચ્છિત કન્યાને વરે છે તેપછી તેકન્યાનો બીજે સ્થલે વિનિયોગ થતો નથી તેમ જે જીવનો ભગવાને અંગીકાર કરેલો છે તે જીવનો પણ બીજે વિનિયોગ થતો નથી. જેમ લૌકિકપતિ પોતાની સ્ત્રીની બીજા ઉપરની આસક્તિ છોડાવીને પોતામાં આસક્તિ કરાવે છે તેમજ ભગવાન્ પણ જેજીવનો અંગીકાર કરે છે તેની બીજેથી આસક્તિ છોડાવીને પોતામાં આસક્તિ કરાવે છે. પણ ભગવાને પોતાના દાસપણાથી સ્વીકાર કરેલો છે કે નહિં ? તે પ્રથમથી જાણી શકાતું નથી; પણ તેના ફલ ઉપરથી અનુગ્રહનું અનુમાન થાય છે; એટલે બીજેથી આસક્તિ છુટીને ભગવાનમાં આસક્તિ લાગતી જાય ત્યારે તેનો ભગવાને સ્વીકાર કરેલો છે એમ જાણીશકાય છે. એવીરીતે જ્યારે કોઈ સાધનથી ભગવાન્ મળી શકતા નથી એમ ઉપરની શ્રુતિથી સિદ્ધથાય છે, ત્યારે વેદાદિકમાં કહેલ ક્રિયાના ફલપણાથી જેમ સ્વર્ગાદિકની પ્રાપ્તિ થાય છે તેવીરીતે ભગવાનમાં કોઈ વિધિનો સંબંધ લાગુ પડતો નથી; કેમકે યજ્ઞાદિક આપણે કરીશકીયે છીયે તેપ્રમાણે ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત કરવો એ આપણા હાથમાં નથી માટે આપણી કૃતિથી તે સિદ્ધ થઇશકે તેમ નથી. યજ્ઞાદિકમાં ઇંદ્રાદિક દેવતાઓના ઉદ્દેશથી જેમ હોમ વિગેરે થાય છે, ત્યાં ઉદ્દેશપણાથી ઇંદ્રાદિકનો સંબંધ હોય છે તેવીરીતે ભગવાનના ઉદ્દેશથી જે કરવું હોય તે થઇશકે છે; તેથી ભગવાનનો સંબંધ થાય છે એમ માનીશકાય છે એમ કોઈ કહે ત્યાં પણ કહિયે છીયે કે વેદમાં કહેલ છે કે "ભગવાન સર્વને પોતાને વશ રાખે છે અને સર્વના ઇશ્વર છે" તેમ શ્રીભાગવતસપ્તમસ્કંધમાં પ્રલ્હાદજીયે કહેલ છે.

देवोऽसुरो मनुष्यो वा यक्षो गंधर्व एव वा ।
भजन् मुकुंदचरणं स्वस्तिमान् स्याद्यथा वयम् ॥

અર્થ--દેવતા, અસુર, મનુષ્ય, યક્ષ કે ગંધર્વ હોય તે પણ

મોક્ષઆપનાર ભગવાનના ચરણારવિંદનું ભજન કરતો હોય તો તે કલ્યાણવાળો થાય છે, જેમ આપણે દૈત્ય છતાં એમનું ભજન કરીયે છીયે તો કલ્યાણવાળા થયા છીયેં. તેમ એકાદશસ્કંધમાં શુકદેવજીયેં પરીક્ષિત્ પ્રત્યે કહેલ છે.

को नु राजन् ! इंद्रियवान् मुकुंदचरणांबुजम् ।
न भजेत् सर्वतोमृत्युरुपास्यममरोत्तमैः ॥

અર્થ—ચોતરફ જેને મૃત્યુ છે એવો ઇંદ્રિયવાળો કોણ પુરૂષ, દેવતાઓમાં પણ ઉત્તમ દેવતાઓયેં ઉપાસનાકરવાયોગ્ય, મોક્ષને આપનાર ભગવાનના ચરણારવિંદને ન ભજે ? તેમ ગીતાજીમાં કહેલ છે.

मां हि पार्थ ! व्युपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यांति परां गतिम् ॥

અર્થ—હે અર્જુન ! વિશેષે કરીને સમીપમાં મારો આશ્રયકરીને પાપયોની વાળા સ્ત્રિયો, વૈશ્યો અને શૂદ્રો પણ ઉત્તમગતિને પામે છે. ઈત્યાદિક વાકયોથી તમામ જીવોના ભગવાન્ પતિ છે, તેથી સ્ત્રીને પોતાના પતિનું ભજન કરવું એ સર્વરીતે પ્રિયકરનાર છે તેમ જીવમાત્રને ભગવાનનું ભજન ઇચ્છિતસિદ્ધ કરનાર છે એ સર્વથા કબુલ કરવું જોઈયે; અને તેભગવાનનું ભજન શ્રવણાદિરૂપ થાય છે. અને જ્યારે ભગવાનનું ભજન સર્વના ઇચ્છિતને સિદ્ધકરે છે એમ નક્કી ઠર્યું ત્યારે ભગવાનની માફક તેમનાં નામમંત્રાદિક પણ સર્વપ્રત્યે સમાનજ છે; એમ માનવું જોઇયે અને મંત્રશાસ્ત્રમાં તો કહેવાય છે કે રામમંત્ર અને તેના અધિષ્ઠાતાનું ભજન કોઇને મિત્ર છે, કોઇને અરિ છે, કોઈ ને સિદ્ધ છે, અને કોઇને સાધ્ય છે. એવીજરીતે ગોપાલાદિકમંત્ર અને તેના અધિષ્ઠાતાના ભજનમાટે પણ મંત્રશાસ્ત્રમાં તેવીરીતેજ કહેલ છે, એટલે ઉપર કહેલ પ્રમાણના સમૂહથી પૂર્ણપુરૂષોત્તમ ભગવાન્ સર્વને સરખીરીતે ઉપાસનાકરવાયોગ્ય છે

એમ સિધ્ધથાય છે. ત્યારે તેની ઉપાસનાના સાધનમાં પણ તારતમ્ય હોવું ન જોઈયેં અને જ્યારે સર્વનેમાટે સમાન છે ત્યારે રામમંત્ર અને ગોપાલાદિમંત્રને અધીન પુરૂષોત્તમ ન હોવાજોઇયેં; અને તે મંત્ર કોઇને સિધ્ધ, કોઇ ને અરિ, કોઇને સાધ્ય ઈત્યાદિક તો મંત્રને અધીન અધિષ્ઠાતા હોય ત્યારે થવું જોઇયેં, તે શિવાય ફલપ્રાપ્તિ થતી નથી અર્થાત્ જેને સાધ્ય હોય તેને ફલ મળે છે અને જેને અરિ હોય તેને ફળ થતું નથી તેથી ગોપાલાદિકમંત્રને પ્રતિપાદનકરનાર શાસ્ત્રને પ્રમાણમાનીયેં તો તેને અનુસરીને પણ તે વિભૂતિરૂપનું ઉપાસન છે એમ માનવું જોઈયેં ત્યારેજ તે કોઇને સિધ્ધ, કોઇને મિત્ર કોઇને સાધ્યવિગેરે બની શકે માટે ગોપાલાદિકમંત્રના અધિષ્ઠાતા પુરૂષોત્તમની વિભૂતિરૂપ ભિન્નસ્વરૂપજ છે એમ માનવું જોઇયે. ત્યાં વાદી શંકા કરે છે કે જ્યાં તે મંત્ર મિત્ર કે સિદ્ધ હોય તો ફળ થાય અને જેને અરિ હોય તેને ફળ ન થાય તેમાં મંત્રશાસ્ત્રમાં કહેલા વિધિપ્રમાણે અરિ થતો હોય તેણે ભજન ન કરવું અને સિદ્ધાદિક થતો હોય તેણે કરવું જોઈયેં; માટે જ્યાં ફલ થાય અથવા ન થાય ત્યાં મંત્રશાસ્ત્રના વિધિપ્રમાણે તેણે ભજન કર્યું હોય ત્યાં ફળ થાય અને તેમ ન કર્યું હોય ત્યાં ન થાય આમ માનવું જોઇયે પણ તેના અધિષ્ઠાતારૂપ દેવને વિભૂતિરૂપપણું માનવું ન જોઇયેં; કેમકે શાસ્ત્રમાં કહેલા પ્રકારપ્રમાણે ભજન કરવું એ સર્વને સિદ્ધિ આપનારૂં છે, તેથી જેને અરિ હોય તેને ભજન કરવાની ના કહિ છે તે છતાં જો તે ભજન કરે તો તેને ફળ ન મળે એ શાસ્ત્રસિદ્ધ બાબત છે, એમાં કાંઇ તે મંત્રના અધિષ્ઠાતાને પુરૂષોત્તમપણું મટતું નથી; એમ કોઈ કહે ત્યાં કહે છે કે એકાદશસ્કંધમાં કવિ યોગેશ્વરે નિમિ રાજાપ્રત્યેં કહેલ છે કે—

यानास्थाय नरो राजन् ! न प्रमाद्येत कर्हिचित् ।
धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥

અર્થ—હે રાજન્! જે ધર્મમાં સ્થિતિકરવામાત્રથી ક્યારે પણ પ્રમાદી થતો નથી અને નેત્ર વીંચીને દોડતો હોય તો પણ તેને ઠેશ વાગતી નથી કે પડતો નથી એમ કહ્યું છે ત્યાં ભગવદ્ધર્મમાં કેવળ સ્થિતિજ કરી હોય તેમાં ભગવાનની પ્રાપ્તિથવા માટે અત્યંત આર્તિ થવાથી નિત્યસાધનનો પરિત્યાગ કરે અથવા શાસ્ત્ર કે ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો પણ ફળમાં વિલંબ કે ફળનો અભાવ થતો નથી એમ નિરૂપણ કરેલું છે. અને કાયા, વાણી તથા મનને તદીયપણું થાય ત્યારે તે ધર્મમાં સ્થિતિ કહેવાય છે એવીરીતે સ્થિતિ થવાથી પછી ફલમાં અભાવ થતો નથી તેવી રીતે મંત્રોપાસનાને પણ જો ભગવદ્ધર્મપણું હોય તો ગમે તે હોય તો પણ તેમાં પરાયણ થાય એટલે તેને ઇચ્છિતફળ થાય પણ વિપરીત ન થવું જોઇયેં; એટલે જો ગોપાલાદિકમંત્રોના અધિષ્ઠાતા પુરૂષોત્તમજ હોય અને વિભૂતિરૂપ ન હોય તો તેનું ઉપાસન પણ સાક્ષાદ્ ભગવદ્ભજન કહેવાય; ત્યારે ભક્તિમાર્ગમાં પણ ભગવદ્ધર્મમાં પરાયણ હોય છે તેને ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી કયારેક વિપરીત આચરણ થઈ જાય તો પણ જે સમયમાં જે ફળ મળવાનું હોય તે સમયનો અતિક્રમ કે ફળનો અભાવ થાય નહી એમ ભક્તિમાર્ગમાં પ્રવિષ્ટ થયેલ હોય તેની હકીકત શાસ્ત્રમાં સંભળાય છે એવું ભક્તિમાર્ગનું બળ છે; તેવીજ રીતે મંત્રાદિકવડે ઉપાસનામાં નિષ્ઠાવાળો હોય તેને પણ ફળમાં વિલંબ કે ફળનો અભાવ થવો જોઇએં નહી અર્થાત્ જેને તે મંત્ર આર હોય તેને પણ તેવું ફળ થવું જોઇએ તેમ થતું નથી, તેમ જો ગોપાલાદિક મંત્ર જેને અરિ હોય તેને પણ મિત્ર કે સિદ્ધના જેવું ફળ થાય તો મંત્રશાસ્ત્રના સંપ્રદાયમાં વિરોધ આવે; માટે ગોપાલદિકમંત્રો વિભૂતિપરજ છે એમ સિદ્ધ થાય છે. ત્યાં શંકા થાય કે

**सर्वेषु वर्णेषु तथाऽऽश्रमेषु नारीषु नानाह्वयजन्मभेषु ।**
**दाता फलानामभिवांछितानां द्रागेव गोपालकमंत्र एषः ॥**

અર્થ—સર્વ વર્ણોમાં, સર્વઆશ્રમોમાં, સ્ત્રિયોમાં અને નાના પ્રકારનાં જન્મનાં નક્ષત્રોમાં, ઇચ્છિતફળને જલદીજ આપનાર આ ગોપાલમંત્ર છે. એમ કહેલ છે તેથી સર્વઅભીષ્ટદેવાપણું ગોપાલમંત્રની ઉપાસનામાં છે માટે તેને વિભૂતિરૂપપણું નથી. એવી શંકા થાય ખરી પણ તે શ્લોકમાં સર્વાભીષ્ટ દેવાપણું કહેલું છે તે સર્વ અભીષ્ટ આપે છે પણ તેને ભક્તિરૂપપણું નથી કેમકે તેના મંત્રના પ્રસંગશિવાય સ્વતંત્રતાથી આ શ્લોક કહેલો નથી. જેમ કર્મના અંગપણાથી વિષ્ણુનું સ્મરણ કરવાનું લખેલું છે તેથી શ્રાદ્ધાદિકકર્મની પાછળ વિષ્ણુસ્મરણ કરાય છે. જેમકે

यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु ।
न्यूनं संपूर्णतां याति सद्यो वंदे तमच्युतम् ॥

અર્થ—જેનું સ્મરણ કરવાથી, જેનું નામ ઉચ્ચારવાથી, તપ તેમજ યજ્ઞની ક્રિયાઓમાં ન્યૂન હોય તે જલદી સંપૂર્ણ થાય છે તે અચ્યુત ભગવાનને હું વંદું છું. તેમજ કહેલ છે કે

प्रमादात्कुर्वतां कर्म प्रच्यवत्यध्वरेषु यत् ।
स्मरणादेव तद्विष्णोः संपूर्णं स्यादिति श्रुतेः

અર્થ—પ્રમાદથી કર્મકરનારાઓને જે કાંઈ યજ્ઞમાં કરવું અપૂર્ણ રહી જાય છે તે વિષ્ણુના સ્મરણમાત્રથી સંપૂર્ણ થાય છે એમ વેદમાં કહેલ છે. એવીરીતે કર્મમાર્ગના અંગમાં વિષ્ણુસ્મરણ લખેલું છે તેને કર્મની પૂર્તિ કરવાપણું છે તેથી તેને કર્મમાર્ગીયપણું છે પણ ભક્તિમાર્ગીયપણું થતું નથી. તેમ તે મંત્રના ફળમાં વેશ્યાઓનાં વશીકરણાદિક પણ ફળ લખેલ છે તે ફળ અનર્થરૂપ હોવાથી પૂર્ણ પુરૂષોત્તમની ભક્તિનું તેવું ફળ હોય નહિં કેમકે પ્રથમસ્કંધમાં કહેલ છે કે

अनर्थोपशमं साक्षात् भक्तियोगमधोक्षजे ।
लोकस्याजानतो विद्वाँश्चक्रे सात्वतसांहिताम् ॥

અર્થ--સાક્ષાત્ ભગવાનમાં ભક્તિયોગ છે તે અનર્થને નિવૃત્ત કરનાર છે એમ લોક જાણતો નથી, એમ વ્યાસજી જાણે છે તેથી તેણે શ્રીભાગવતરૂપ સંહિતા કરી. આમ લખ્યું છે ત્યાં ભગવાનમાં ભક્તિયોગ કરવાથી અનર્થની નિવૃત્તિ થાય છે એમ લખેલું છે અને વેશ્યા વશ થાય તે તો અનર્થરૂપ છે તેથી ભગવદ્ભક્તિનું અનર્થરૂપ ફળ કેમ હોય.? તેમ એકાદશસ્કંધમાં કહેલ છે કે કોઇપણ પ્રકારની આશા હોય નહિં, અને નિરપેક્ષ હોય તેને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે; અને ગોપાલાદિમંત્રથી તો કામનાઓ સિદ્ધ કરવાનું લખેલું છે, તેથી ઉપરના વાક્યનો વિરોધ આવે છે. તેમ વેશ્યાને વશ કરવી ઇત્યાદિક કાર્ય જો પુરૂષોત્તમ સંબંધી હોય તો જ્ઞાનભક્તિને પણ પુરૂષોત્તમ સંબંધીપણું હોવાથી તેને સિદ્ધ કરનાર બ્રહ્મસૂત્રાદિકનો પણ તેવા કામમાં ઉપયોગ થાય કેમકે પુરૂષોત્તમસંબંધિપણું બન્નેને સરખું છે એમ પણ કહિ શકાય છે ત્યારે ભક્તિ અથવા જ્ઞાનમળવામાટે વૈરાગ્ય રાખવો પડે છે એમ શાસ્ત્રમાં કહેલ છે તેની વ્યર્થતા થાય છે તેથીજ વેશ્યાને વશ કરવી ઇત્યાદિક અનર્થ કરનાર કાર્ય પુરૂષોત્તમસંબંધી હોય નહિં; કેમકે સર્વ શાસ્ત્રનો વિરોધ આવે છે પણ જે મંત્રને આધીન દેવતા છે તેનું તે કાર્ય છે તેથીજ શૂદ્રે જે પ્રતિમા કે લિંગની સ્થાપના કરેલી હોય તેમાં બીજા દેવતાનું સંનિધાન હોવાથી અને શૂદ્રે કરેલ દોષ તેમાં લાગેલ હોવાથી સર્વને ઉપાસનાકરવાયોગ્ય તે નથી તેથી બ્રાહ્મણાદિકને તે મૂર્તિને નમસ્કાર કરવાનો નિષેધ કરેલો છે.

यः शूद्रस्थापितं लिंगं विष्णुं वा विनमेद् द्विजः ।
स याति नरकं घोरं यावदाभूतसंप्लवम् ॥

અર્થ—શૂદ્રે સ્થાપેલ લિંગ અથવા વિષ્ણુને જે નમે છે તે પ્રલયસુધી ઘોર નરકમાં જાય છે. એ પ્રમાણે શૂદ્રે સ્થાપેલ શિવ અથવા વિષ્ણુને નમન કરવાથી ઘોરનરકપ્રાપ્તિ લખેલી છે, તે પૂર્ણ પુરૂષોત્તમઇશ્વરનો તેમાં આવિર્ભાવ હોય તો બ્રાહ્મણાદિકને નમ-

સ્કાર કરવાનો નિષેધ કરેલો છે તે સંભવે નહિં; કેમકે ગીતાજીમાં કહેલ છે કે

**किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।**

અર્થ—સમિપમાં મારો આશ્રય કરીને રહેલા પાપયોનિવાળા સ્ત્રિયો, વૈશ્યો અને શૂદ્રોપણ ઉત્તમ ગતિને પામે છે તો પુણ્યરૂપ અને મારા ભકતો બ્રાહ્મણો અને રાજર્ષિયો ઉત્તમ ગતિને પામે તેમાં શું કહેવું ? એમ ભગવાનનો આશ્રયકરનાર બ્રાહ્મણની પ્રશંસા લખેલી છે તેમ શૂદ્રે સ્થાપન કરેલ શિવ અથવા વિષ્ણુને પર્ણપુરૂષોત્તમપણું હોય તો તેને નમસ્કાર નહિં કરનાર પાપભાગી થાય છે એમ કહેલ છે.

**देवताप्रतिमां दृष्ट्वा यतिं दृष्ट्वा त्रिदंडिनम् ।**
**नमस्कारं न कुर्याच्चेत्प्रत्यवायी भवेन्नरः ॥**

અર્થ—દેવતાની પ્રતિમાને જોઇને તેમજ ત્રણદંડવાળા સંન્યાસીને જોઇને જો નમસ્કાર ન કરે તો તે પુરૂષ પાપભોગવનાર થાય છે. તેવીરીતે પ્રતિમાને નમસ્કાર નહિ કરવાથી પાપ લાગે છે એમ લખેલ છે, તે છતાં શૂદ્રે સ્થાપેલ શિવ અથવા વિષ્ણુને નમસ્કાર કરવાનું ફળ નરકપ્રાપ્તિ છે એમ ઉપરના શ્લોકથી જણાય છે, તેથી તેમાં પૂર્ણપુરૂષોત્તમપરબ્રહ્મનો આવિર્ભાવ નથી એમ સિધ્ધ થાય છે. તેમ પર્ણપુરૂષોત્તમ મંત્રને આધીન છે એમ કહેવું તે યોગ્ય નથી કેમકે સર્વપ્રમાણનો વિરોધ આવે છે. માટે તે ભક્તિને આધીન છે એમ સર્વશાસ્ત્રમાં લખેલું છે. અને બીજા દેવતા તો તે તે મંત્રને આધીન છે પણ પુરૂષોત્તમ કોઈને આધીન નથી. આજવાત શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવજી પ્રત્યે એકાદશસ્કંધમાં કહેલ છે.

**न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ! ।**
**न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥**

અર્થ--હે ઉધ્ધવ ! વૃદ્ધિ પામેલ મારી ભક્તિ જે પ્રમાણે મને વશ કરે છે તેપ્રમાણે યોગ મને વશ કરતો નથી તેમ સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ અને ત્યાગ તે કોઇ મને વશ કરતું નથી. તેમ એકાદશસ્કંધના બારમા અધ્યાયના પ્રારંભમાં કહેલ છે કે

न रोधयाति मां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्त्तं न दक्षिणाः ॥
व्रतानि यज्ञाश्च्छंदांसि तीर्थानि नियमा यमाः ।
यथाऽवरुंधे सत्संगः सर्वसंगापहो हि माम् ॥

અર્થ--સર્વસંગને મટાડનાર સત્સંગ જેવો મારી સ્વતંત્રગતિને રોકે છે તેવો યોગ, સાંખ્ય, ધર્મ, તપ, સ્વાધ્યાય, ત્યાગ, ઇષ્ટાપૂર્ત્ત ( કૂવા, આરામ, મઠવિગેરે ) દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, નિયમ અને તે કોઈ મારી સ્વતંત્રગતિને રોકતું નથી. તેમ ગીતાજીમાં કહેલ છે

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्यं एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ! ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ! ॥

અર્થ--જેવીરીતે તેં મારૂં દર્શનકર્યું છે તેવીરીતે બ્રહ્મચર્યઆશ્રમવાળા વેદવડે; વાનપ્રસ્થાશ્રમવાળા તપવડે, ગૃહસ્થો દાનવડે અને યતિયો જ્ઞાનયજ્ઞવડે પણ જોઇશિકતા નથી. હું જેવાપ્રકારનો છું તેવાપ્રકારનો જાણુવાને, જોવાને કે મારામાં પ્રવેશકરવાને અનન્યભક્તિવડે શક્ય છું. તેમજ વેદમાં કહેલ છે કે

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेन लभ्यः

અર્થ--આ આત્મા અધ્યાપનવડે, કે ધારણાશક્તિવડે, કે

ઘણા ગ્રંથભણુવાથી મળી શકતો નથી પણ જેને તે આત્મા વરે છે એટલે આ પોતાનો દાસ છે એમ સ્વીકારે છે તેનાથીજ તે મેળવી શકાય છે. ઇત્યાદિક વાકયોથી પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણભગવાન્ મંત્રાદિકને આધીન નથી અને રામમંત્ર તેમજ ગોપાલમંત્રની અધિષ્ઠાત્રી દેવતા તે તે મંત્રને આધીન છે તેથી પૂર્ણ પુરૂષોત્તમમાં અને તે દેવતાઓમાં ઘણીજ વિલક્ષણતા છે ભગવાન્ તો ભક્તનેજ આધીન છે તે નવમસ્કંધમાં દુર્વાસા પ્રત્યે ભગવાને કહેલ છે. ત્યાં એવી હકિકત છે કે અંબરીષરાજાને ત્યાં એકવખતે દુર્વાસાઋષિ એકાદશીના પારણાને વખતે ( દ્વાદશીને દિવસ ) અતિથિ થયા હતા. ત્યારે અંબરીષરાજાયે ભોજનકરવામાટે તેમની પ્રાર્થના કરતાં તેપ્રાર્થના સ્વીકારીને દુર્વાસાઋષિ શ્રીયમુનાજીમાં નિત્યકર્મ કરવાગયા. તેમને ત્યાં વધારે વખત લાગ્યો અને પારણામાટે દ્વાદશી માત્ર અરધો મુહૂર્ત રહી ત્યારે અંબરીષરાજાયેં બ્રાહ્મણોને બોલાવીને પૂછ્યું કે મેં દશમીમાં એક ભુક્ત કરવું, એકાદશીનો ઉપવાસ કરવો અને દ્વાદશીમાં પારણું કરવું એમ એક વર્ષનું વ્રત ગ્રહણકરેલ છે તે વ્રતની સમાપ્તિના પારણાનો આજે દિવસ છે તેમાં દુર્વાસાને ભોજનમાટે આમંત્રણ કરેલ છે તેસ્વીકારીને દુર્વાસાઋષિ શ્રીયમુનાજીમાં નિત્યકર્મકરવા ગયેલા છે અને દ્વાદશી ઘણીજ અલ્પ રહેલી છે હવે દુર્વાસાઋષિને ભોજન કરાવ્યાશિવાય હું પારણું કરૂં તો પણ મને પાપ લાગે અને દ્વાદશીમાં પારણાં ન કરૂં તો પણ મને દોષ લાગે માટે મારે હવે શું કરવું ? અને મને અધર્મનો સ્પર્શ કેમ કરવાથી ન થાય ? તે આપ બતાવો. મેં નિર્જલા એકાદશીનું ઉપોષણ કરેલ છે તેથી આપની આજ્ઞા હોય તો કેવળ જલવડે પારણાં કરૂં. ત્યારે સર્વબ્રાહ્મણોયેં કહ્યું કે જલવડે પારણું કરવું તેથી એકાદશીના વ્રતને પૂર્ણકરવામાટે પારણું સિદ્ધ થાય છે અર્થાત્ દ્વાદશીમાં પારણા ન કરવાથી જે પાપ લાગવાનો તમને ભય છે તે નિવૃત્ત થાય છે, અને નોતરેલ બ્રાહ્મણને

જમાડયા પહેલાં જમવું નહિં એ પણ ધર્મ સિદ્ધરહે છે. એમ બ્રાહ્મણોના કહેવાઉપરથી ભગવાનનું ધ્યાન ધરીને અંબરીષરાજાયેં કેવળ જલવડે પારણું કર્યું. તેટલાવખતમાં દુર્વાસા આવી પહોચ્યા ત્યારે રાજાયેં જલવડે પારણું કરેલ છે એમ બુદ્ધિથી જાણી લીધું, તે જાણતાંજ ક્રોધ કરી જટામાંથી અગ્નિ ઉત્પન્નકર્યો તે અગ્નિ અંબરીષને બાળવામાટે તેની પાસે ગયો, પણ તેને જોઇને ધૈર્યવાન્ પરમભક્ત અંબરીષરાજા ત્યાંથી ખશ્યા નહિં, ત્યારે તેમની રક્ષાકરવામાટે ભગવાને સુદર્શનચક્ર તેમની પાસે રાખેલ હતું તે સુદર્શનચક્ર પોતેજ પરમપ્રતાપી હોવાથી તેણે તે અગ્નિને બાળીદીધો અને દુર્વાસાની પાછલ તે દોડયું; ત્યારે દુર્વાસાઋષિ ભયપામી ભાગ્યા, તે પોતાને બચાવનારને શોધવાલાગ્યા તે બ્રહ્મલોકમાં ગયા ત્યાં બ્રહ્માયે રક્ષા ન કરી, ત્યારે શિવજીપાસે ગયા ત્યારે તેમણે કહ્યું કે તમે ભગવાનપાસે વૈકુંઠમાં જાઓ કેમકે તે ચક્ર તેમનું છે માટે ત્યાં જશો તો ભગવાન્ રક્ષા કરશે; ત્યારે સુદર્શનચક્રથી ભયપામેલા દુર્વાસાઋષિ વૈકુંઠમાં જઇ વિષ્ણુભગવાનના ચરણારવિંદમાં પડીને પ્રાર્થના કરવાલાગ્યા કે આપના ભક્તનો આવો પ્રભાવ મારા જાણવામાં નહિંહોવાથી ભક્તાપરાધ મેં કરેલો છે તેનાથી મને આ દુઃખ પ્રાપ્ત થયું છે તેથી આપ મુક્તકરો; કેમકે નારકી જીવો પણ આપના નામોચ્ચારણમાત્રથી દુઃખથી મુક્ત થાય છે તેવીરીતે દુર્વાસાઋષિની પ્રાર્થનાઉપરથી ભગવાને કહેલ છે કે

अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज ! ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ॥
नाहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना ।
श्रियं चात्यंतिकीं ब्रह्मन् । येषां गतिरहं परा ॥
ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं ताँस्त्यक्तुमुत्सहे ॥

मयि निर्बद्धहृदयाः साधवः समदर्शनाः ।
वशे कुर्वंति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ॥

અર્થ—હે બ્રાહ્મણ ! જેમ કોઇ પરતંત્ર હોય તેમ હું ભકતને પરાધીન છું સત્પુરૂષો ભકતોયેં મારૂં હૃદય ગ્રહણકરેલું છે તેથી ભકતજનજ મને પ્રિય છે. મારાભકત એવા સત્પુરૂષો શિવાય મારાઆત્માની કે આત્યંતિકી લક્ષ્મીની પણ ઇચ્છા રાખતો નથી કારણ કે જે ભકતની હું ઉત્તમ ગતિરૂપ છું. સ્ત્રી, ઘર, પુત્ર, સ્નેહીજન, પ્રાણ, ધન, આલોક અને પરલોકમાંથી મમતા છોડીને તે તમામ મને અર્પણકરીને જે મારી શરણે આવેલ છે તેને છોડવાનો હું ઉત્સાહ કેમ કરૂં? પતિવ્રતાસ્ત્રિયો હોય છે તે તેના ધર્મને જાણનાર સારાપતિને જેમ વશ કરે છે તેમ સર્વઠેકાણે સરખીદૃષ્ટિ રાખનાર મારામાંજ જેણે હૃદયબાંધેલું છે એવા સત્પુરૂષો ભકિતવડે મને વશ કરે છે. તેમ પ્રલ્હાદજીયેં સપ્તમસ્કંધમાં દૈત્યના બાલકોપ્રત્યે કહેલ છે

नालं द्विजत्वं देवत्वमृषित्वं वा सुरात्मजाः ।
प्रीणनाय मुकुंदस्य न वृत्तं न बहुज्ञता ॥
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडंबनम् ॥

અર્થ—હે દૈત્યપુત્રો ! દ્વિજપણું, દેવપણું, ઋષિપણું, સદાચાર, ઘણું જાણવાપણું, દાન, તપ, યજ્ઞ, પવિત્રતા અને વ્રત એ સર્વ મોક્ષને આપનાર ભગવાનને પ્રસન્ન કરવામાટે પરિપૂર્ણ થતાં નથી પણ શુદ્ધ ભકિતવડેજ ભગવાન્ પ્રસન્ન થાય છે. ભકિતસિવાય બીજું જે ભગવાનને પ્રસન્ન કરવામાટે કરવું તે અનુકરણ છે. તેમજ શ્રીભાગવત એકાદશસ્કંધમાં લખેલું છે.

भक्त्याऽहमेकया ग्राह्यः श्रद्धयाऽऽत्मा प्रियः सताम् ।
भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि संभवात् ॥

અર્થ—સત્પુરૂષના પ્રિય આત્મારૂપ હું કેવળ શ્રદ્ધાપૂર્વક ભક્તિવડેજ ગ્રાહ્ય છું, મારામાં રહેલી ભક્તિ ઉત્પત્તિથી ચાંડાલો-ને પણ પવિત્ર કરે છે. તેમ સપ્તમસ્કંધમાં પ્રલ્હાદજીની સ્તુતિ-માં કહેલ છે કે

**मन्ये धनाभिजनरूपतपःश्रुतौजस्तेजःप्रभाववलपौरुषबुद्धियोगाः । नाराधनाय हि भवंति परस्य पुंसो भक्त्या तुतोष भगवान् गजयूथ-पाय ॥**

અર્થ—ધન, કુંટુબ, રૂપ, તપ, શાસ્ત્રાધ્યયન, ઇંદ્રિયશક્તિ, તેજ, પ્રતાપ, બળ, પુરૂષાર્થ અને બુદ્ધિયોગ એ ભગવાનને પ્રસન્ન કરવામાટે ઉપયોગી થતાં નથી એમ હું માનું છું; કેમકે ગજેંદ્રને ભક્તિવડેજ ભગવાન્ પ્રસન્ન થયા હતા. ઇત્યાદિક હજારો વાકયોમાં ભક્તિમાત્રથીજ ભગવાન્ અધીન છે એમ કહ્યું છે માટે મંત્રથી જે દેવતા અધીન છે તેમાં અને ભક્તિથી પ્રાપ્તથ-નાર પર્ણપુરૂષોત્તમમાં ઘણીજ વિલક્ષણતા જાણવી. ત્યાં વાદી શંકા કરે છે કે શ્રીભાગવતદશમસ્કંધના ચાલીશમા અધ્યાયમાં અક્રૂર-જીની સ્તુતિમાં કહેલ છે કે

**सर्वएव यजंति त्वां सर्वदेवमयेश्वरम् ।**
**येऽप्यन्यदेवताभक्ता यद्यप्यन्याधियः प्रभो ! ॥**

અર્થ—જે પણ બીજા દેવતાના ભકતો છે અને જો કે તે અન્યબુદ્ધિવાળા છે તોપણ તે સર્વે આપનુંજ યજન કરે છે કેમકે આપ સર્વદેવમય અને સર્વના ઇશ્વર છો. તેમજ ગીતાજીમાં કહેલ છે કે

**यो यो यां यां तनुं भक्तः श्रद्धयाऽर्चितुमिच्छति ।**
**तस्य तस्यांचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥**

અર્થ—જે ભકત શ્રદ્ધાવડે મારા અવયવરૂપ જે જે દેવ-તાને ભજે છે તે ભકતની તે તે દેવતામાં હું અચલશ્રદ્ધા કરૂં છું.

એમ કહેલ છે, અને તેમાં એમ પણ કહ્યું છે કે તે દેવતાઓથી ઇચ્છિત ફળ પણ પ્રાપ્ત થાય છે તે ફળ પણ મેંજ આપેલ છે એમ સમજવું. તેમજ પંદરમા અધ્યાયમાં કહેલ છે કે "સર્વ વેદવડે હુંજ જણાઉં છું" માટે યજન, અર્ચન, જ્ઞાન, ઉપાસના વિગેરે સર્વના ફળને ભક્તિના ફલરૂપ શ્રીકૃષ્ણનાજ સંબંધિપણું કહેલ છે; માટે મંત્રાદિકને પણ ભકિતરૂપપણું ઘટે છે. એમ કોઈ કહે ત્યાં કહે છે કે અત્યંત ખેદની વાત છે કે શ્વેતમૃત્તિકાનું જલ હોય તે કૂતરાની છાશ છે એમ ભાંડ બોલે તેવું આ તારી શંકાનું બોલવું છે. છાશની અંદરનો સાર નહિં જાણનાર કૂતરાને સફેતમૃત્તિકાસંબંધી જલ હોય તેમાંજ આ છાશ છે એમ બુદ્ધિ થાય છે એપ્રમાણે ભાંડલોકો મશ્કરીમાં બોલે છે તેવીરીતનું આ તારૂં બોલવું છે; કેમકે છાશ પણ શ્વેત હોય છે તેથી શ્વેતમૃતિકાનું જલ હોય તે છાશ કહેવાતી નથી તેમ તારી શંકા પણ ભક્તિનું સદૃશપણું બતાવવામાટે તેવીરીતની છે; તે બતાવે છે કે ઉદ્ધવજીયેં એકાદશસ્કંધમાં શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રશ્ન કર્યો ત્યારે શ્રીકૃષ્ણે ૨૭ મા અધ્યાયમાં પૂજામાર્ગનું નિરૂપણ કરીને કહેલ છે કે

**प्रतिष्ठया सार्वभौमं सद्मना भुवनत्रयम् ।**
**पूजादिना ब्रह्मलोकं त्रिभिर्मत्सार्ष्टितामियात् ॥**

અર્થ—ભગવાનની મૂર્તિને પ્રતિષ્ઠા કરવાથી ચક્રવર્તિ રાજ્ય મળે છે, ભગવન્મંદિર બનાવવાથી ત્રણલોકનું રાજ્ય મળે છે અને પૂજાદિકથી બ્રહ્મલોક મળે છે તેમજ પ્રતિષ્ઠા, મંદિર અને પૂજા કરનાર મારાસરખા ઐશ્વર્યને પામે છે. એમ એક એકનું જૂદું ફળ બતાવીને ત્રણે સાથે કરવાનું જૂદું ફળ વર્ણવીને કહ્યું છે કે

**मामेव नैरपेक्ष्येण भक्तियोगेन वंदति ।**
**भक्तियोगं स लभते एवं यः पूजयेत माम् ॥**

અર્થ—ઇચ્છારહિત ભક્તિયોગવડે મનેજ પામે છે એપ્રમાણે

જે મારૂં પૂજન કરે તે ભક્તિને મેળવે છે. તે શ્લોકના પૂર્વાર્ધમાં एवकार લખેલો છે તેથી પ્રથમ પૂજા બતાવી છે તેનું ફળ જૂદું કહીને ભક્તિયોગનું ફળ પોતાની પ્રાપ્તિ કહેલી છે. તેમાં પૂજાનું ફળ અને ભક્તિનું ફળ ભિન્ન ભિન્ન કહેલ છે, તેથી પણ જેની પૂજા થાય છે તે સ્વરૂપનો અને જેની ભક્તિ થાય છે તે સ્વરૂપનો ભેદ સ્પષ્ટ જણાય છે, તેમ ઉત્તરાર્ધમાં પૂજા છે એ ભક્તિનું સાધન છે અને ભક્તિ એ પૂજાનું ફળ છે એમ લખેલ છે, તેથી પણ પૂજા અને ભક્તિનો ભેદ સ્પષ્ટ જણાય છે માટે ભગવત્સ્વરૂપથી એમ બતાવવા માટે શ્રીકૃષ્ણ ભગવાને કહેલુ છે કે એવીરીતે મારૂં પૂજન કરે તે ભક્તિયોગને પ્રાપ્ત થાય છે અને પુરૂષોત્તમનો આવેશ થવાથીજ ભક્તિરૂપ ફળ પણ થાય છે; કેમકે **यमेवैषवृणुते तेन लभ्यः** એમ શ્રુતિમાં કહેલ છે તે ત્યારેંજ ભગવાનેં તેનો સ્વીકાર કરેલો છે એમ સમજવું. એકાદશસ્કંધમાં અધિકારીના ભેદથી પૂજાના ફળમાં ભેદ કહેલ છે તેથી ઉપરની શ્રુતિમાં ભગવાન્ સ્વીકારે છે ત્યારેજ તેને મળે છે એવો અભિપ્રાય હોવાથી કર્મ, જ્ઞાન કે ભક્તિમાં ફળની ઈચ્છાવાળાની પ્રવૃત્તિ નહી થાય, એવી શંકા પણ નિરસ્ત થઈ એમ સમજવું. એટલે શ્રીપુરૂષોત્તમની ભાવનાથી જે ભાવિત હોય છે તેનો અધિકાર ભિન્ન છે, અને શ્રીપુરૂષોત્તમની ભાવના ન હોય તે અધિકાર ભિન્ન છે. તે જૂદા જૂદા અધિકાર પ્રમાણે પૂજાના ફળમાં પણ ભેદ થાય છે; અર્થાત્ શ્રીપુરૂષોત્તમવિષયક પૂજા કરવાથી ભક્તિરૂપ ફળ થાય છે, અને તેમ ન હોય તો એકાદશસ્કંધમાં જે ફળ લખ્યું છે તેપ્રમાણે પૂજાનું ફળ થાય છે. એવો વિવેક છે, તેને માટેજ **यमेवैष** એ શ્રુતિમાં સામાન્યરીતેં કહેલું છે કે જેને ભગવાન્ વરે છે તેણે તે મેળવી શકાય છે. તેથી સાધનનો શ્રમ વ્યર્થ જશે એવા સંદેહથી તે તે ફળની ઇચ્છાવાળાની પ્રવૃત્તિ થશે નહી એવી શંકાની નિવૃત્તિ અધિકારના ભેદથીજ સમજવાની છે. જેનો જેવો અધિકાર છે તેને તેવા ફળમાં ઇચ્છા

થઇને તેવા માર્ગમાં પ્રવૃત્તિ થવામાં બાધ આવશે નહી; કેમકે કર્માદિકના વિધિમાં તેવાં તેવાં ફળ લખેલાં તે સાંભળીને જે ફળમાં જેને પ્રીતિ હશે તે તેવા કર્માદિકમાં પ્રવૃત્ત થશે. ત્યારે શ્રીપુરૂષોત્તમે પોતાના દાસપણાથી સ્વીકાર કરેલો છે કે નહી તેનો નિશ્ચય શીરીતેં થાય ? માટે શ્રીપુરૂષોત્તમનું ભજન કરવામાં પણ પ્રવૃત્તિ થશે નહિ એમ નહિ કહેવું. કેમકે જેને શ્રીપુરૂષોત્તમના ભજનમાં ઇચ્છા થાય તેનો સ્વીકાર શ્રીપુરૂષોત્તમેં કરેલો છે એમ સમજવું. શ્રીપુરૂષોત્તમેં પોતાનાપણાથી સ્વીકારેલ ન હોય તો તેને તેમનું ભજન કરવાની ઇચ્છાજ થાય નહી. શ્રીપુરૂષોત્તમ જે જીવનો દાસપણાથી સ્વીકાર કરે છે તેમાં મર્યાદા અને પુષ્ટિ એવા ભેદથી બે પ્રકાર રહેલા છે; તેમાં ભકિતમાર્ગના સાધનમાં પ્રવૃત્ત થઇને પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થાય, ત્યાંસુધી કરેલાં સાધનને અનુસારે પ્રભુ ફળ આપે એ મર્યાદામાર્ગનું સ્વરૂપ છે. તે પ્રમાણે પ્રભુયેં જેનો સ્વીકાર કરેલો છે તે જીવ ભકિતના સાધનમાં પ્રવૃત્ત થાય છે પણ તેને પ્રભુમાં સ્નેહ થાય ત્યાંસુધી જેવી રીતેં શાસ્ત્રમાં ભકિતકરવાનો વિધિ લખેલો છે તે પ્રમાણેજ તેને વર્તવું જોઇએ; અને પ્રભુમાં સ્નેહ થયા પછી તો પોતેં સ્નેહથીજ તે સંબંધિ પદાર્થોમાં પ્રવૃત્ત થવાનો યત્ન કરશે; માટે પ્રભુમાં સ્નેહ થયા પછી શાસ્ત્રોકતવિધિ તેને કારણરૂપ નથી. અને પ્રભુયેં પુષ્ટિમાં જે જીવનો અંગીકાર કરેલો છે તેને તો સાધનરૂપ પ્રભુ પોતેંજ રહે છે; તેવીરીતનો તેને અંગીકાર હોવાથી તે જીવને ભકિતમાં પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ કારણરૂપ નથી. જો કે મર્યાદામાં જેનો અંગીકાર છે, તેને પણ પોતે કરેલી ભકિતના સાધનમાં પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ ભગવાનના સ્વરૂપસાથે સંબંધકરવામાં સમર્થ થતી નથી; તોપણ તેને અવાંતર કૃતિકરવાની જરૂર રહે છે. અને પુષ્ટિમાં જે જીવનો અંગીકાર છે તેને તો શ્રવણાદિક અવાંતર કૃતિની પણ જરૂર નથી. ( કેમકે શ્રવણાદિકથી પ્રભુમાં જે સ્નેહ ઉત્પન્ન થાય છે તે તો તેને પ્રથમથીજ થયેલો

હોય છે.) માટે મર્યાદામાં અને પુષ્ટિમાં તે પ્રમાણે વિલક્ષણ પણું છે. અને અનુગ્રહ તો મર્યાદા તથા પુષ્ટિ બન્નેમાં કારણરૂપ છે એમ તમામેં માનવું જોઇએ. પણ અનુગ્રહવડે પુષ્ટિમાં જેનો અંગીકાર પ્રભુએ કરેલો છે, તેને તો સર્વથી અધિક પ્રભુમાં સ્નેહ થયેલો હોય છે; તેથી તેને ભક્તિનાં સાધનોમાં પ્રવૃત્તિની જરૂર રહેતી નથી; જેમ વ્રજવાસિયોને પોતાના આત્મા, પુત્ર, સ્ત્રી અને ધનાદિકથી પણ અધિક સ્નેહ પ્રભુમાં હતો, માટે તેમણે કાંઇપણ સાધન કર્યું નહોતું છતાં તેમને પોતાના વ્યાપિવૈકુંઠધામનાં દર્શન કરાવીને તેના આનંદનો અનુભવ કરાવેલો હતો. તેથીજ શ્રીભાગવત દ્વિતીયસ્કંધમાં બ્રહ્માજીએં નારદજીપ્રત્યેં કહેલ છે.

अन्ह्यापृतं निशि शयानमति श्रमेण
लोके विकुंठउपनेष्याति गोकुलं स्वम् ।

અર્થ—દિવસમાં લૌકિક કાર્યમાં લાગેલ અને તેનાથી થયેલા અત્યંત શ્રમને લીધે રાત્રિયેં સૂતેલ પોતાના ગોકુળને વૈકુંઠલોકમાં લઇ જશે એમ કહેલું છે. ત્યાં એવો અભિપ્રાય છે કે શ્રીગોકુળના વ્રજવાસિયો દિવસમાં ગાયોને ચારવાવિગેરે કામમાં લાગેલ રહેતા હતા; તેથી દિવસમાં કાંઇપિણ ભકિતના સાધનમાં તેઓની પ્રવૃત્તિ નહી હતી; અને રાત્રિમાં (દિવસમાં થયેલી મેહેનતથી) અત્યંત થાકી જઈને સુઈ રહેતા હતા, તેથી રાત્રિમાં પણ ભકિતના સાધનમાં તેઓની ગ્રવૃત્તિ નહિં હતી; તેવા સાધનરહિતને વ્યાપિવૈકુંઠરૂપ પોતાના લોકનાં દર્શન કરાવ્યાં એ કેવળ અનુગ્રહથીજ કરાવેલ છે. કોઇ પ્રકારના સાધનથી દર્શન કરાવેલ નથી. એ પ્રભુયેં તેમનો પુષ્ટિમાં અંગીકાર કરેલો હતો એમ સમજવું. કર્મમાર્ગાદિકમાં વિષ્ણુસ્મરણ કરવાનું કહેલું છે જેમકે.

यदि वाग्यमलोपः स्यात्तपादिषु कथंचन ।
व्याहरेद्वैष्णवं मंत्रं स्मरेद्वा विष्णुमव्ययम् ॥

અર્થ—તપવિગેરેમાં વાણીના નિયમનો કોઈ પ્રકારે પણ લોપ થાય તો વિષ્ણુના મંત્રનો ઉચ્ચાર કરવો, અથવા અવ્યય વિષ્ણુનું સ્મરણ કરવું. ઈત્યાદિક વ્યવધાનમાં ભગવાનના નામનો ઉચ્ચાર કરવાનું તથા ભગવાનનું સ્મરણ કરવાનુ લખેલું છે. તે નામોચ્ચારણ તથા સ્મરણ પણ ભગવાનસંબંધી હોવાથી તેને પણ ભક્તિપણું કહિયે તો, શ્રાદ્ધાદિક કર્મોને અંતે તેની પૂર્ણતા થવામાટે અને મધ્યમાં પ્રાયશ્ચિત્તાદિકને માટે વિષ્ણુસ્મરણાદિક થાય છે તેને પણ ભક્તિપણું થશે; પણ તેમ નથી. કર્મના અંગમાં કરેલ વિષ્ણુસ્મરણાદિકને કર્મમાર્ગીયપણુંજ છે ભક્તિમાર્ગીયપણું નથી. પ્રથમ કહેલ ઉપાસનાની રીતે વિભૂતિરૂપ વિષ્ણુનાજ સ્મરણાદિકનુ ત્યાં કહેવાપણું છે તેથી તે સ્મરણાદિકને ભક્તિપણું નથી; કેમકે કર્મમાર્ગમાં ભગવાનની વિભૂતિનુંજ યજન થાય છે; તેથીજ રાજસૂયયજ્ઞ કરવાની ઇચ્છા રાખનાર યુધિષ્ટિરરાજાયે શ્રીકૃષ્ણપ્રત્યે વિનંતી કરી છે.

क्रतुराजेन गोविंद ! राजसुयेन पावनीः ।
यक्ष्ये विभूतीर्भवतस्तत्संपादय नः प्रभो ! ॥

અર્થ—હે ગોવિંદ ! યજ્ઞમાં રાજા એવા રાજસૂયવડે આપની પવિત્ર વિભૂતિયોનું હું યજન કરીશ; માટે હે પ્રભો ! ( તે કાર્ય સિદ્ધ કરવામાં સમર્થ ! ) અમને તે, સંપાદન કરી આપો. એમ યુધિષ્ટિરરાજાયે વિનંતી કરી છે, ત્યાં વિભૂતિયોનુંજ યજન કરવાનું કહેલું છે. તે જો યજ્ઞમાં સાક્ષાત્ ભગવાનનુંજ યજન થતું હોય તો સાક્ષાત્ શ્રીકૃષ્ણની પ્રાર્થના કરે છે ત્યાં તો રાજસૂય યજ્ઞવડે આપનુંજ યજન કરીશ એમ કહેવું જોઇએ; પણ અહીં તો આપની વિભૂતિઓનું યજન કરીશ એમ કહેલુ છે. તેથી યજ્ઞાદિક કર્મોમાં તો ભગવાનની વિભૂતિયોનુજ યજન થાય છે એમ સમજવું. યુધિષ્ટિર રાજાયે શ્રીકૃષ્ણને વિનંતી કરીને તેમની આજ્ઞા માગીને રાજસૂયયજ્ઞ કરેલો છે, અને તેમાં ભગવાનની વિભુતિયોનુંજ યજનકરવાનું કહેલું છે, તેથી કર્મમા-

ર્ગમાં ભગવાનની વિભૂતિયોનુંજ યજન છે એમ જે ભક્ત જાણ-
તો હોય તે પ્રભુની પ્રાર્થના કરે ત્યારેં કે, કર્મ પોતા પાસે કરા-
વવાની પ્રભુની ઇચ્છા છે એમ જાણવામાં આવે તોજ ભક્તિના
સમયમાંથી સંકોચ કરીને અને તેમાં જેટલા દેવતાઓ કહેલા
હોય તે સર્વ ભગવાનની વિભૂતિરૂપ છે એમજ સમજીને તેણે
તે યજ્ઞાદિક કર્મ કરવું; પણ યજ્ઞાદિકમાં વિભૂતિયોનુજ યજન છે
એમ પોતેં જાણુતો નહોય, પ્રભુની પ્રાર્થના ( યુધિષ્ટિરની રીતેં )
પ્રત્યક્ષમાં થઇ શકે તેમ ન હોય અને પોતાપાસે તે કર્મ કરા-
વવાની પ્રભુની ઇચ્છા છે કે નહી ? તે જાણવામાં આવતુ ન
હોય તે છતાં યજ્ઞાદિકકર્મ કરે તો અનન્યપણાનો ભંગ થવાનો
પ્રસંગ આવે એમ સૂચવ્યું છે. એટલેં શ્રીકૃષ્ણ ભગવાનેં અ-
ર્જુન પ્રત્યેં ગીતાજીમાં કહેલછે.

**यत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।**
**निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ! ॥**

અર્થ——મારે માટેજ સર્વ કર્મ કરનાર, મારામાંજ પરમ-
બુદ્ધિ રાખનાર, સર્વ જગતમાં આસક્તિરહિત અને સર્વ ભૂતમાં
વૈરરહિત જે મહારો ભક્ત છે તે હે પાંડવ ! મને પ્રાપ્ત થાય
છે. એમ કહ્યું છે. ત્યાં ભગવાનને માટેજ હંમેશાં કર્મ કરતો
હોય અને ભગવાનનેજ સર્વથી ઉત્તમ જાણતો હોય તેને બીજાં
કર્મ કરવાનો વખતજ કયાંથી મળે ? તેમ વળી પણ કહ્યું છે.

**अनन्यचेताः सततं यो मां स्मराति नित्यशः ।**
**तस्याहं सुलभः पार्थ ! नित्ययुक्तस्य योगिनः ॥**

અર્થ—અનન્ય ચિત્તવાળો જે ભકત નિત્ય (નિરંતર) મહા-
રૂં સ્મરણ કરે છે તે મહારામાં નિત્ય જોડાયેલા ભકતને હે
અર્જુન ! હું સુલભ છું. એટલેં નિત્ય રાત્રિદિવસ જે ભગવા-
નનું સ્મરણ કરે છે તેને ભગવાન્ જલદી મળે છે. વળી પણ
કહેલ છે કે,

**अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥**

અર્થ—અનન્ય થઇને ચિંતનકરનાર જે માણસો સર્વરીતે મ્હારી ઉપાસના કરે છે તે માણસો ચોતરફથી મ્હારામાં જોડાયેલા હોય છે. ( તેથી તેઓને પોતાના યોગક્ષેમ માટે પણ વખત નહી મળવાથી ) તેઓનું યોગક્ષેમ હું સિદ્ધ કરૂં છું. એટલે જે અનન્ય થઇને હંમેશાં ભગવાનનીજ ઉપાસના કરે છે, તેઓને જે પદાર્થ મેળવવાનો હોય તે હું મેળવી આપું છું; અને મળેલો હોય તેની રક્ષા કરૂં છું. ઇત્યાદિક વાક્યોમાં હમેશાં સ્મરણાદિક કરવાનું લખેલું છે તેપ્રમાણે કરતો હોય તેને કર્મ કરવાનો વખત પણ મળે નહી. તેવીરીતે જે ભજન કરતો હોય તેને ભજનનો ત્યાગ કરીને કર્મકરવામાં સ્વામિદ્રોહરૂપ અપરાધ થવાનો પ્રસંગ આવે; તેથી ભગવત્સ્મરણાદિક છોડીને કર્મકરવું એ ભગવદ્ભક્તને અયોગ્યજ છે એમ સમજવું. તેમ જે દેવતાની જે ઉપાસના કરતો હોય તેને તે દેવતાસાથે મળી જવું એ તેને પરમફળ છે તે ગીતાજીમાં કહેલ છે.

**देवान् देवयजो यांति मद्भक्ता यांति मामपि ।**

અર્થ—દેવતાઓનું યજન કરનારા દેવતાઓને પ્રાપ્ત થાય છે, અને મ્હારા ભક્ત હોય છે તે મ્હારૂં યજન કરતા હોય તો મને પણ પ્રાપ્ત થાય છે. એમ કહ્યું છે તેનો અભિપ્રાય એવો છે કે કેવળ દેવતાઓનુંજ યજનકરનાર હોય છે તે તો દેવતાઓની સાથેજ સાયુજ્ય પામે છે; અને જે ભગવાનના ભક્ત હોય છે તે દેવતાઓનું યજન કરે તેમાં ઉપર બતાવ્યાપ્રમાણે વિભૂતિરૂપનું જ્ઞાન ન હોય અને પ્રભુની ઇચ્છા ન હોય તો દેવતાઓને પ્રાપ્ત થાય છે. અને તે [1]યુધિષ્ટિર રાજાનીરીતે કરે તો ભગવાનને પણ

---

[1] યુધિષ્ટિર રાજાયે રાજસૂય યજ્ઞ કરવાની પ્રાર્થના કરી ત્યારેં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે આ તમારો વિચાર બહુ સારો છે આ યજ્ઞકરવાથી શત્રુઓનું ઉન્મૂલન થશે, અને [illegible]રી કીર્તિ સર્વ લોકમાં પ્રસરશે. સર્વ પ્રાણિમાત્રને, સર્વ અમો સંબંધિ-

પ્રાપ્ત થાય છે એમ સૂચવ્યું છે, તેમજ બીજું વાક્ય છે.

**यं यं वाऽपि स्मरन् भावं त्यजत्यंते कलेवरम् ।**
**तं तमेवैति कौंतेय ! सदा तद्भावभावितः ।**

અર્થ—મરણસમયે જે જે ભાવનું સ્મરણ કરતો કરતો શરીર છોડે છે તે હમેશાં તે ભાવ [illegible]જ ભાવનાથી યુક્ત પુરૂષ હે અર્જુન ! તે તે ભાવને પ્રાપ્ત થાય છે. એવું વાક્ય છે તેમાં પણ મરણસમયમાં જેનુ સ્મરણ થાય છે તેને પ્રાપ્ત થવાનું લ. એલું છે; તેથી પણ જે દેવતાનો જે ભક્ત હોય છે તેને મરણ સમયે તે દેવતાનું સ્મરણ થાય છે, તેથી તે દેવતાને તે પ્રાપ્ત થાય છે એમ સિદ્ધ થાય છે; તેથીજ આપણા સ્વામી શ્રીકૃષ્ણ ભગવાને એકાદશસ્કંધમાં કહેલ છે.

**केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः**
**येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरंजसा ॥**

અર્થ—શ્રીગોપીજનો, ગાયો, પક્ષિયો, મૃગ અને બીજા મૂઢબુદ્ધિવાળા નાગો તથા સિદ્ધો, કેવળ ભાવવડે વગર મેહેનતે મને પ્રાપ્ત થયા છે. ઈત્યાદિક વાક્યોથી ઘણા વિસ્તારથી શ્રી ગોકુળવાસિયોને કેવળ ભાવવડે પોતાની પ્રાપ્તિ થયાનું નિરૂપણ કરીને કહ્યું છે કે

**यं न योगेन सांख्येन दानव्रततपोद्धरैः ।**
**व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद्यत्नवानपि ॥**

અર્થ—યોગવડે, સાંખ્યવડે, દાન, વ્રત, તપ તથા યજ્ઞવડે, વ્યાખ્યા, સ્વાધ્યાય અને સંન્યાસવડે યત્ન કરતો હોય તે પણ જેને પ્રાપ્ત થાય નહી તેવો હું છું. તેને કેવળ ભાવવડે તેઓ

---

યોને અને ઋષિયોવિગેરે સર્વને યજ્ઞના રાજારૂપ આ રાજસૂયયજ્ઞ ઇચ્છિત છે એમ શ્રીકૃષ્ણે આજ્ઞા કરી ત્યારે આરાજસૂયયજ્ઞ આપણીપાસે કરાવવાની પ્રભુની ઇચ્છા છે એમ યુધિષ્ઠિરના જાણવામાં આવ્યું ત્યારે તેણે યજ્ઞ કર્યો તેવીરીતે પ્રભુની ઇચ્છા જાણવામાં આવે તોજ યજ્ઞાદિક કર્મ કરવાં.

પ્રાપ્ત થયેલ છે. એમ કહ્યું છે, ત્યાં બીજાં ગમે તે સાધન કરતો હોય તે પોતાને પ્રાપ્ત થતો નથી; એમ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યેં આજ્ઞા કરેલી છે; તેથી ભક્તિસિવાય બીજાં સાધનોથી પ્રાપ્ત થાય તેવું શ્રીપુરૂષોત્તમનું સ્વરૂપ નથી એમ નિશ્ચય થાય છે. તેમ ગીતાજીમાં અર્જુને શ્રીકૃષ્ણને પૂછેલ છે.

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥

અર્થ—હંમેશાં એવીરીતેં આપની સાથે જોડાયેલ જે ભકતો આપની સર્વરીતે ઉપાસના કરે છે, અને જે અવ્યક્ત એવા અક્ષરની ઉપાસના કરે છે તેમાંથી યોગને જાણનારાઓમાં ઉત્તમ કયા છે ? તે કહો. એમ અર્જુને પૂછ્યું ત્યારેં શ્રીકૃષ્ણ ભગવાનેં કહેલ છે કે

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ताउपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥

અર્થ—ઉત્તમ શ્રદ્ધાયેં યુક્ત, હમેશાં મહારામાં જાડાયેલા જે ભકતો મહારામાં મનનો પ્રવેશ કરીને મહારી ઉપાસના કરે છે તે મેં અત્યંત યુકત માનેલા છે. એમ કહ્યું છે ત્યાં જ્ઞાનમાર્ગ કરતાં ભકિતમાર્ગની મોટાઈ બતાવીને પછી કહ્યું છે કે

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥

सन्नियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

અર્થ—સર્વ જગત્ ( નામરૂપસહિત ) બ્રહ્મરૂપ છે એવી જેની બુદ્ધિ છે, અને તેથીજ સર્વભૂતના હિતમાં પ્રીતિયુકત જે

પુરૂષો ઇંદ્રિયોના સમૂહને નિયમમાં રાખીને (બ્રહ્મ આવુંજ છે એમ) જેનો નિર્દેશ થઈ શકતો નથી, જે સ્પષ્ટ જણાતું નથી, સર્વ સ્થળમાં રહેલું છે, વિચારમાં આવી શકતું નથી, ગુપ્ત રહેલું છે, ચલાયમાન થતું નથી અને હમેશાં રહેલું છે, એવા અક્ષર (બ્રહ્મ)ની ઉપાસના કરે છે તે પુરૂષો, મનેજ પ્રાપ્ત થાય છે; પણ જે સ્પષ્ટ જણાતું નથી તેમાં આસક્તચિત્તવાળાને ક્લેશ અત્યંત અધિક થાય છે; કેમકે દેહવાળાઓએં, જણાય નહી તેવી ગતિ દુઃખ થાય તેવી રીતે પ્રાપ્ત કરાય છે. એમ કહ્યું છે ત્યાં જ્ઞાનમાર્ગીયની હીનતા ભગવાને કહી છે; તેથી જ્ઞાનમાર્ગ પણ શ્રીપુરૂષોત્તમસંબંધી નથી એમ સિદ્ધ થાય છે. અહીં "તે પુરૂષો મનેજ પ્રાપ્ત થાયછે" એમ કહ્યું છે તેનો અભિપ્રાય એવો છે કે, અક્ષર બ્રહ્મ પણ શ્રીપુરૂષોત્તમને રહેવાનું સ્થાનક હોવાથી તેને શ્રીપુરૂષોત્તમની વિભૂતિરૂપપણું છે; તેથી પોતાની વિભૂતિને પ્રાપ્ત થાય તે પોતાનેજ પ્રાપ્ત થાય છે એમ માનિને "મને પ્રાપ્ત થાય છે" એમ કહ્યું છે. અક્ષર બ્રહ્મ તેજ શ્રીપુરૂષોત્તમ એમ નહી કહેવું. કેમકે ત્યાર પછી પંદરમા અધ્યાયમાં કહેલ છે કે.

**क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।**
**उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥**

અર્થ--સર્વ ભૂત ક્ષર કહેવાય છે, કૂટસ્થ અક્ષર કહેવાય છે અને ઉત્તમ પુરૂષતો જૂદાજ છે, જે પરમાત્મા કહેવાય છે. એમ કહ્યું છે ત્યાં અક્ષર (બ્રહ્મ) થી પરમાત્મા પુરૂષોત્તમ જૂદા છે એમ કહ્યું છે. તેમ ત્યારપછી વળી કહ્યું છે કે--

**यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।**
**अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥**

અર્થ--જે કારણમાટે ક્ષરનું અતિક્રમણ કરીને હું રહેલો છું, અને અક્ષરથી પણ હું ઉત્તમ છું, તેથી લોક અને વેદમાં

પુરૂષોત્તમ એવીરીતેં હું વિખ્યાત છું. એવીરીતેં કહ્યું છે ત્યાં અક્ષર બ્રહ્મથી શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ પોતેં ઉત્તમ છે એમ કહેલ છે. તેથી અક્ષર બ્રહ્મ અને પુરૂષોત્તમ એક નથી એમ સમજવું માટે અક્ષરબ્રહ્મના જ્ઞાનરૂપ જ્ઞાનમાર્ગ શ્રીપુરૂષોત્તમસંબંધી નથી. તેવીજરીતેં કર્મમાર્ગ પણ સમજવો તે ગીતાજીમાં કહેલ છે.

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।
वेद वादरताः पार्थ ! नान्यदस्तीति वादिनः ॥

અર્થ––હે અર્જુન ! વેદના વાદમાં પ્રીતિવાળા, અને કર્મસિવાય બીજું વેદમાં નથી એમ વાદકરનારા પુરૂષો કર્મફળને આપનારીજ આ વેદવાણી છે એમ આગ્રહપૂર્વક બોલે છે, તેઓ કાંઈ જાણતા નથી ઈત્યાદિક શ્લોકોથી કર્મમાર્ગમાં આસક્તિવાળાઓને સમાધિમાં નિશ્ચયાત્મક બુદ્ધિ થતી નથી એમ સ્પષ્ટ દર્શાવ્યું છે. તેમ આગળ લખ્યુ છે કે,

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं पार्थयंते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोकमश्नंति दिव्यान् दिवि देवभोगान् ॥
ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशंति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभंते ॥

અર્થ—વેદત્રયીપ્રતિપાદિત કર્મમાં આસક્તિવાળા અને પાપ જેઓનાં ધોવાયેલાં છે એવા સોમપાનકરનારા પુરૂષો યજ્ઞોવડે મ્હારૂં યજનકરીને સ્વર્ગ લોકમાં જવાની પ્રાર્થના કરેછે, તેઓ પુણ્યરૂપ ઇંદ્રલોકને પ્રાપ્ત થઈને સ્વર્ગલોકમાં દેવતાઓને ભોગવવાના અલૌકિક ભોગને ભોગવે છે. તેઓ તે મ્હોટા સ્વર્ગલોકને ભોગવિને પુણ્યક્ષીણ થાય ત્યારે મનુષ્યલોકમાં પેસેછે. એવીરીતેં વેદત્રયીના ધર્મની પાછલ રહેલા અને કામનાઓની ઇચ્છાવાળા પુરૂષો આવાગમન કર્યા કરે છે. એમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનપ્રત્યેં કહેલ છે, ત્યાં કર્મમાર્ગવાળા હંમેશાં આવાગમન કર્યા કરે છે એમ સ્પષ્ટ આજ્ઞા કરેછે. તે શ્રીભાગવતમાં કહ્યું છે

अथ यो गृहमेधीयान् धर्मानेवावसन् गृहे ।
काममर्थं च धर्मांश्च दोग्धि भूयः पिपर्त्ति तान् ॥
स चापि भगवद्धर्मान्काममूढः पराङ्मुखः
यजते क्रतुभिर्देवान् पितृंश्च श्रद्धयान्वितः ॥

અર્થ—ગૃહસ્થાશ્રમમાં રહેનાર જે પુરૂષ ઘરમાં ધર્મોનુંજ આચરણ કરે છે તેમાં કામ, અર્થ અને ધર્મનું ફળ પોતેજ દોહીલે છે, અને ફરીને વળી તેને ધર્મ અર્થ તથા કામને સિદ્ધ કરે છે, એટલે ધર્મ કરીને અર્થ મેળવે છે અને તે અર્થવડે કામ ભોગવે છે; તેથી પ્રથમ કામ ભોગવવાથી દોવાઈ જાય છે, તેમજ અર્થવડે કામ ભોગવ્યો એટલે અર્થ પણ દોવાઇ ગયો અને ધર્મ કરીને અર્થ મેળવ્યો એટલે ધર્મ પણ દોવાઈ ગયો. અર્થાત્ શ્રીભાગવત પ્રથમસ્કંધમાં બીજા અધ્યાયમાં લખ્યાપ્રમાણે કામનું ફળ શરીર તથા ઈંદ્રિયો સારી રાખવી એ અર્થ સિદ્ધ કરવો, ને શરીર તથા ઈંદ્રિયોથી ધર્મ સિદ્ધ કરવો, અને તે ધર્મનું ફળ મોક્ષ છે એ ફલ નહી મેળવવાથી ધર્મ, અર્થ અને કામ નિષ્ફળ થાય છે; તે નિષ્ફળ થવામાં મુખ્ય કામ છે. તેમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ક્રમ કરતાં કામ, અર્થ ધર્મ અને મોક્ષ એ ક્રમજ બરોબર છે; એમ બતાવવાસારૂ તે ક્રમ લખેલો છે. કામનાથી મૂઢ થયેલો પુરૂષ ભગવદ્ધર્મથી વિમુખ થયેલો હોય છે તે શ્રદ્ધાયુક્ત થઈને યજ્ઞોવડે દેવતાઓનું અને પિતૃનું યજન કરે છે. એમ કહીને વળીપણ કહેલ છે—

ये त्विहासक्तमनसः कर्मसु श्रद्धयान्विताः ।
कुर्वंत्यप्रतिषिद्धानि नित्यान्यपि च कृत्स्नशः ॥
रजसा कुंठमनसः कामात्मानोऽजितेंद्रियाः ।
पितृन्यजंत्यनुदिनं गृहेष्वभिरताशयाः ॥
त्रैवर्गिकास्ते पुरुषा विमुखाः हरिमेधसः ।
कथायां कथनीयोरुविक्रमस्य मधुद्विषः

અર્થ—જે અહિં આસક્તમનવાળા, અને કર્મમાં શ્રદ્ધાયુક્ત પુરૂષો, નિષિદ્ધ નહી એવાં કામ અને સમગ્ર નિત્યકર્મ પણ કરે છે, રજોગુણવડે મન જેનું કુંઠિત થયેલું છે, કામયુક્ત જેઓનું અંતઃકરણ છે, ઇંદ્રિયો જેણે જીતેલી નથી. અને ઘરમાંજ ચોતરફ પ્રીતિયુક્ત જે પુરૂષો દરરોજ પિતૃઓનું યજન કરે છે તે ધર્મ અર્થ અને કામમાંજ લાગેલા પુરૂષો, ઘણા પરાક્રમવાળા અને મધુદૈત્યને મારનાર ભગવાનની કથામાં વિમુખ રહે છે. એમ કહીને છેવટ તેવાઓને વિષ્ટાખાનાર ભૂંડણાંતુલ્ય ગણેલા છે. ત્યાં જન્મમરણ હમેશાં થયા કરે તેવા આસુરમાર્ગમાં તેનો પ્રવેશ થાય છે એમ નિરૂપણ કરેલું છે; તેથી કર્મમાર્ગને પણ પુરૂષોત્તમસંબંધિપણું નથી. શ્રવણકીર્ત્તનાદિક નવ પ્રકારની ભક્તિ છે તેમાં પાંચમી અર્ચનભક્તિ લખેલી છે અને તે અર્ચનભક્તિનું નામજ પૂજા છે માટે પૂજાને ભક્તિપણું કેમ નહી? એવી શંકા થાય ત્યાં કહિયે છીયે કે શ્રવણ, કીર્ત્તન વિગેરે નવ પ્રકારની ભક્તિ પણ, તેને કરનાર જેવો અધિકારી હોય તે પ્રમાણે કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય અને ભક્તિમાર્ગીયપણાંથી અનેક પ્રકારની થાય છે જેમકે, શ્રીભાગવત અને વિષ્ણુસહસ્રનામ વિગેરેના શ્રવણ તથા કીર્ત્તનના ફળપણાંથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે પુરુષાર્થ કહેલા છે, તેમાં ધર્મ, અર્થ અને કામની ઇચ્છાથી શ્રવણ કીર્ત્તનાદિક કરાય તો તે કર્મમાર્ગીયજ છે, તેમાં પણ શ્રવણાદિક કરવાનું શાસ્ત્રમાં કહેલ છે તેથી કરવું જોઇએ, એમ સમજીને અર્થાદિકની ઇચ્છાવાળા શ્રવણાદિક કરે તો તે શ્રવણાદિક કર્મમાર્ગીય છે. જો કે પ્રથમ ધર્મ, અર્થ અને કામની ઇચ્છાવાળા શ્રવણાદિક કરે તો તે શ્રવણાદિક કર્મમાર્ગીય છે એમ કહ્યું છે તેમાં અર્થાદિકની ઇચ્છાવાળા પણ આવી ગયા છે તો પણ ત્રિવર્ગમાં પ્રથમ ધર્મ છે, તે પછી અર્થ ગણેલ છે, તેને બદલે અહિં અર્થાદિક કરીને લખેલ છે તેનો અભિપ્રાય એવો છે કે, ધર્મ વગર અર્થ અને

કામની ઇચ્છાવાળાએ જે શ્રવણાદિક કરાય તો તે કર્મમાર્ગીય છે; અને આજીવિકાને માટે શ્રવણ કે કીર્ત્તન કરે તો તે એકની માફક લૈકિકજ છે. જેમ મલત્યાગ કરવા માટે શૌચની ઇચ્છાવાળો ગંગાજીનો સ્પર્શ કરે તેને મળની નિવૃત્તિ (જેમ બીજા જળથી થાય છે તેમ ગંગા જળથી પણ થાય તે) સિવાય બીજો કોઈ જાતનો ધર્મ પેદા થતો નથી, પણ ઉલટું નિષિદ્ધ આચરણ કરવાથી પાપ લાગે છે. તેમ શ્રવણ કે કીર્ત્તન આજીવિકા માટેજ કરે તો તેને આજીવિકા મળે તે સિવાય બીજો કોઈ જાતનો ધર્મ તેમાંથી પેદા થતો નથી; પણ ઉલટું ભગવન્નામનો આજીવિકા માટે ઉપયોગ કર્યો તે બાબત પાપ પણ પેદા થાય છે. આ ઉપરથી એવું સૂચવ્યું છે કે શાસ્ત્રમાં કહેલું કર્મ ગમે તેવી રીતે કર્યું હોય પણ તેનાથી જે ફળ થવાનું લખ્યું છે તે ફળ થાય એમ કોઈ સમજતા હોય તો તેનો નિરાસ કર્યો છે. એટલે સાંગ વૈદિક કર્મથી ફળ થાય છે તેથી ગમે તેમ તે કર્મ કર્યું હોય તો (કૃતિ તો સરખી છે પણ) તે કર્મ સફળ થતું નથી. સંન્યાસિઓએ ચિત્ત શુદ્ધ થાય તો જ્ઞાનનો ઉદય થાય તે સારૂ શ્રવણાદિક કરાયેલ હોય તો તે જ્ઞાનમાર્ગીય છે. તે એકાદશસ્કંધના ૧૪ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલ છે.

**यथा यथाऽऽत्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः ।**
**तथा तथा पश्यति वस्तु सुक्ष्मं चक्षुर्यथैवांजनसंप्रयुक्तम् ॥ २६ ॥**

અર્થ—જે નેત્રમાં અંજન સારી રીતે લગાવેલું છે તે નેત્ર જેમ સૂક્ષ્મ પદાર્થને જુએ છે; તેમ મ્હારી પુણ્યરૂપ કથાનું શ્રવણ અને મ્હારાં નામોવડે જેમ જેમ આત્મા શુદ્ધ થાય છે તેમ તેમ સૂક્ષ્મ વસ્તુને જુએ છે. ઇત્યાદિક વાકયોથી જ્ઞાનને સિદ્ધ થવા માટે શ્રવણાદિક કરાય છે તે જ્ઞાનમાર્ગીય છે, એટલે સર્વ સ્થળમાં કૃતિ સરખી છે તો પણ સાધનદશામાં ફળની સાથે એકતા નથી. જ્ઞાન વચમાં આડું આવે નહીં તેવી રીતે શુદ્ધ ભાવના

માત્રથી મોક્ષના સાધનપણાંએ પંચરાત્રાદિક તંત્રમાં કહેલી દીક્ષા-પૂર્વક વિહિતપણાંથી જે શ્રવણાદિક કરાય છે તે ઉપાસનામાર્ગીય છે. આજ વૈષ્ણવમાર્ગ એવી રીતે શાસ્ત્રમાં કહેવાય છે. કેમકે વિષ્ણુધર્મમાંજ નિષ્ઠાવાળો આ માર્ગ છે એમ મુક્તિના સાધન-પણાનું પ્રતિપાદન કરનાર વાક્યોથી નિશ્ચય થાય છે. અને એ-કાદશસ્કંધમાં યોગેશ્વરના પ્રસંગમાં કહેલ છે કેઃ—

**अर्चायामेव हरये पूजां यः श्रद्धयेहत ।**
**न तद्भक्तेषु चान्येषु स भक्तः प्राकृतः स्मृतः ॥**

અર્થ—શ્રદ્ધાવડે જે મૂર્તિમાંજ ભગવાનની પૂજા કરે છે, બીજા તેના ભક્તોમાં પૂજા કરતો નથી તે ભક્ત પ્રાકૃત સાંભળે-લો છે. એમ કહ્યું છે તે પણ આવા ભક્તને માટે છે; કેમકે ગી-તાજીમાં કહેલ છે કેઃ—

**चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ! ।**
**आर्त्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ! ॥**

અર્થ—ભરતવંશમાં શ્રેષ્ઠ હે અર્જુન ! આર્ત્ત [ પીડિત ] જિજ્ઞાસુ, ( જાણવાની ઇચ્છાવાળો ) અર્થાર્થી, ( હરકોઈ પ્રયોજ-નની ઇચ્છાવાળો ) અને જ્ઞાની. એમ ચાર પ્રકારના અત્યંત કુશ-ળ માણસો મને ભજે છે. એમ કહ્યું છે. ત્યાં પીડિત માણુસ જે ભજનનો અધિકારી છે એવું ભજન સર્વને માટે સાધારણ લખ્યું છે. મર્યાદા ભક્તિમાર્ગના આચાર્યે પ્રવૃત્તાવેલ સંપ્રદાયને અનુ-સરનારી દીક્ષાપૂર્વક જે શ્રવણાદિક મોક્ષનાં સાધનપણાંથી કરાય છે તે પ્રાવાહિકી ભક્તિ કહેવાય છે; તેથીજ કપિલદેવજીયે તૃતી-યસ્કંધના ૨૫ મા અધ્યાયમાં કહેલ છે કેઃ—

**न युज्यमानया भक्त्या भगवत्याखिलात्मनि ।**
**सदृशोऽस्ति शिवः पंथा योगिनां ब्रह्मसिद्धये ॥ १९ ॥**

અર્થ—સર્વના આત્મારૂપ ભગવાનમાં ભક્તિ જોડવા બરો-

બર યોગીઓને બ્રહ્મની સિદ્ધિ માટે બીજો કલ્યાણકારક માર્ગ નથી. એમ કહીને કહ્યું છે કેઃ—

**प्रसंगमजरं पाशमात्मन कवयो विदुः ।**
**स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥ २० ॥**

અર્થ—સંસારમાં સંગ થવો તે કપાય નહીં તેવો આત્માનો પાશ છે. એમ કવિઓ જાણે છે તેજ સંગ સત્પુરુષોમાં કર્યો હોય તો ખુલ્લુ મોક્ષનું દ્વાર છે. એમ સત્સંગ કરવાની પ્રશંસા કરીને સત્પુરુષોનાં લક્ષણ કહ્યાં છે કેઃ—

**तितिक्षवः कारुणिकाः सुहृदः सर्वदेहिनाम् ।**
**अजातशत्रवः शांताः साधवः साधुभूषणाः ॥ २१ ॥**
**मय्यनन्येन भावेन भक्तिं कुर्वंति ये दृढाम् ।**
**मत्कृते त्यक्तकर्माणस्त्यक्तस्वजनबांधवाः ॥ २२ ॥**
**मदाश्रयाः कथा मृष्टाः शृण्वंति कथयंति च ।**
**तपंति विविधांस्तापानैतान्मद्गतचेतसः ॥ २३ ॥**

અર્થ—સર્વ પ્રાણિઓ સંબંધી વ્યથાને સહન કરનારા, સર્વ ઉપર દયા રાખનારા, સર્વ પ્રાણિઓની ઉપર મિત્રભાવવાળા, જેને કોઇ શત્રુજ નથી, શાંત, સારા સ્વભાવવાળા, સારો સ્વભાવ એજ જેનુ ઘરેણું છે, મહારે વિષે જે અનન્યભાવવડે ભક્તિ કરે છે, મહારે માટે બીજાં કર્મ જેમણે છોડેલાં છે, તેમજ મહારે માટે પોતાના સ્વજન અને બાંધવો જેણે છોડેલા છે. મહારા આશ્રયવાળી અભીષ્ટ કથાનુ શ્રવણ કરે છે ને વાંચે છે. એવી રીતે મહારામાં જેનુ ચિત્ત લાગેલું છે. એવા તે સત્પુરુષોને આધ્યાત્મિકાદિક નાના પ્રકારના તપો તપ્ત કરતા **નથી**, એમ કહીને કહ્યું છે કેઃ—

**त एते साधवः साध्वि ! सर्वसंगविवर्जिताः ।**
**संगस्तेष्वथ ते प्रार्थ्यः संगदोषहरा हि ते ॥ २४ ॥**

અર્થ—હે સાધ્વિ ! ઉપર કહેલા લક્ષણવાળા, સર્વસંગથી વિશેષ કરીને વર્જિત એવા તેઓ સત્પુરુષો છે; તેથી તમારે તેવા સત્પુરુષો પાસે સંગની પ્રાર્થના કરવી; કેમકે તે સત્પુરુષો સંગ-દોષને હરનારા છે. એમ સત્સંગ કરવાનો ઉપદેશ કરીને તેમાં જે ફળ થાય છે તે કહે છે--

**संतां प्रसंगान्मम वीर्यसंविदो भवंति हृत्कर्णरसायनाः कथाः ।**
**तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति ॥२९ ॥**

અર્થ--સત્પુરુષોના પ્રસંગથી, મહારા પરાક્રમનું જેની અં-દર સારૂં જ્ઞાન છે, અને હૃદય તથા કાનને અમૃતરૂપ કરનાર કથાઓ થાય છે, તેના સેવનથી મોક્ષના માર્ગમાં તેમજ મોક્ષના માર્ગરૂપ ભગવાનમાં પ્રથમ શ્રદ્ધા થાય, પછી પ્રીતિ થાય અને ત્યાર પછી ભક્તિ થાય એમ અનુક્રમથી સિદ્ધ થશે. એમ નિરૂ-પણ કરેલું છે ત્યાં મોક્ષના માર્ગમાં શ્રદ્ધાદિક થવાનું કહેલું છે તેના સાધનરૂપ ભક્તિ* કહેલી છે તેથી તેને પ્રાવાહિકપણું છે એમ સમજવું. પ્રેમાત્મક ભક્તિના સાધનપણાંથી જે શ્રવણાદિક કરાય છે તે, ભક્તિ માર્ગમાં મર્યાદા ભક્તિ કહેવાય છે તે એકા-દશસ્કંધમાં કહે છે.

**भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ ! ।**
**पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥ १९ ॥**

અર્થ--પ્રથમજ ( અગ્યારમા અધ્યાયમાં સત્પુરુષોએ જેનો આદર કરેલો છે એવી ભક્તિનું સ્વરૂપ તમે પૂછ્યું ત્યારેજ ) તમે પાપરહિત હોવાથી મેં ભક્તિયોગ કહેલો છે અને ફરીને ( મહોટાઓને ગોતવા યોગ્ય ભક્તિયોગનું સ્વરૂપ પૂછ્યું ત્યારે ) મહારી ભક્તિનું ઉત્તમ કારણ કહીશ. એમ ૧૯ મા અધ્યાયમાં ઉદ્ધવજી પ્રત્યે આજ્ઞા કરીને શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કેઃ--

---

* સર્વના આત્મારૂપ ભગવાનમાં ભક્તિ જોડવાની બરોબર બીજો કલ્યાણ-રૂપ માર્ગ નથી એમ કહેલ છે તે.

श्रद्धाऽमृतकथायां मे शश्वन्मदनुकीर्त्तनम् ।
परिनिष्ठा च पूजायां स्तुतिभिः स्तवनं मम ॥ २० ॥
आदरः परिचर्यायां सर्वांगैरभिवंदनम् ।
मद्भक्तपूजाऽभ्यधिका सर्वभूतेषु मन्मतिः ॥ २१ ॥
मदर्थेष्वंगचेष्टा च वचसा मद्गुणेरणम् ।
मय्यर्पणं च मनसः सर्वकामविवर्जनम् ॥ २२ ॥
मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।
इष्टं दत्तं हुतं जप्तं मदर्थे यद्व्रतं तपः ॥ २३ ॥

અર્થ--મ્હારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા, મ્હારૂં કીર્ત્તન થતું હોય તેની પાછળ હુમેશાં કીર્ત્તન કરવું. પૂજામાં નિષ્ઠા રાખવી; શાસ્ત્રોવડે મ્હારી સ્તુતિ કરવી, પરિચર્યામાં આદર રાખવો, સર્વાંગે દંડવત્ પ્રણામ કરવા, મ્હારા ભક્તની પૂજા ચોતરફથી અધિક કરવી, સર્વ પ્રાણિઓમાં મ્હારી મતિ રાખવી, મ્હારાં કાર્યોનિમિત્ત શરીરની ચેષ્ટા કરવી, વચનવડે મ્હારા ગુણો કહેવા, મ્હારામાં મન અર્પવું. સર્વ કામનાઓ છોડવી, મ્હારે માટે ધનનો ત્યાગ કરવો, મ્હારેમાટે ભોગ તથા સુખનો પણ ત્યાગ કરવો, જે યજન કર્યું, દાન કર્યું, હોમ કર્યો, જપ કર્યો, વ્રત કર્યું અને તપ કર્યું તે સર્વ મ્હારે માટે અર્પવું. એ સર્વ કારણો બતાવીને કહ્યું છે કે—

एवं धर्म्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥ २४ ॥

અર્થ--હે ઉદ્ધવ ! આત્મનિવેદન કરનારા મનુષ્યોને ઉપર કહેલા ધર્મોવડે મ્હારામાં ભકિત સારી રીતે થાય છે પછી તેને બીજો કયો અર્થ બાકી રહે છે ? કોઈ પણ અર્થ બાકી રહેતો નથી. તેમ એકાદશસ્કંધના ત્રીજા અધ્યાયમાં પ્રબુદ્ધ યોગેશ્વરે નિમિરાજા પ્રત્યે કહેલ છે કેઃ--

स्मरंतः स्मारयंत मिथोऽघौघहरं हरिम् ।
भक्त्या संजातया भक्त्या विभ्रत्युत्पुलकां तनुम् ॥ ३१ ॥

અર્થ——પાપના સમૂહનો હરનાર હરિનું પરસ્પર સ્મરણ કરનારા અને કરાવનારાઓ, ભક્તિવડે સારી રીતે પેદા થયેલી ભક્તિથી રોમાંચવાળા શરીરને ધારણ કરે છે.

ઈત્યાદિક વાકયોવડે પ્રેમાત્મક ભક્તિને સિદ્ધ કરવાપણું જાણવું. પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી પોતાના વ્યસનથી સ્વતંત્ર પુરૂષાર્થપણાથી શ્રવણાદિક કરાય છે તે ઉત્તમ પુષ્ટિ ભક્તિરૂપ છે. એટલે જેમ લૌકિકમાં અફીણ વિગેરેના વ્યસનવાળાનું ચિત્ત અફીણ વિગેરેમાંજ લાગુ રહે છે, જેમ કામી પુરૂષોનું ચિત્ત કામિનીમાંજ લાગી રહે છે; તેમ સર્વ ઇંદ્રિયોની વૃત્તિઓ સ્વભાવથીજ પ્રભુના સ્વરૂપવિષયકજ રહે ત્યારે તે ઇંદ્રિયોથી જે ક્રિયાઓ થાય તે સર્વ પ્રભુવિષયકજ થવાથી સ્વતઃપુરૂષાર્થપણું તેને છે અને કોઈ જાતના ફળની ઇચ્છા નહિ હોવાથી ઉત્તમપણું છે જેની અંદર દોષના લેશપણાની શંકા પણ થઇ શકતી નથી; તેથીજ નવમસ્કંધના ચતુર્થાધ્યાયમાં વિષ્ણુ ભગવાને દુર્વાસાપ્રત્યે કહેલ છે કેઃ—

मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम् ।
नेच्छंति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविप्लुतम् ॥ ६७ ॥

અર્થ—મ્હારી સેવાવડે સાક્ષાત થયેલ સાલોકયાદિક[1] ચાર પ્રકારની મુક્તિને પણ સેવાએ પૂર્ણ મ્હારા ભક્તો ઇચ્છતા નથી તો કાલે કરીને જેનો નાશ થાય છે તેવા કોઈ બીજા ફળની તો કયાંથીજ ઇચ્છા કરે ? નજ કરે. તેમ તૃતીયસ્કંધમાં ૨૫ મા અધ્યાયમાં કપિલ દેવજીએ કહેલ છે કેઃ—

---

૧ સાલોકય ( વૈકુંઠમાં રહેવું, ) સામીપ્ય, ( ભગવાનના સમીપમાં રહેવું ) સારૂપ્ય (ભગવાનના જેવું રૂપ થવું ) અને સાયુજ્ય ( ભગવાન સાથે મળી જવું ) એ ચાર પ્રકારની મુક્તિ.

नैकात्मतां मे स्पृहयंति केचिन्मत्पादसेवाभिरता मदीहाः ।
येऽन्योन्यतो भागवताःप्रसज्य सभाजयंते मम पौरुषाणि ॥३४॥

અર્થ–જે ભકતો, પરસ્પર સ્નેહથી મળીને મહારાં ચરિત્રોનું સભાજન[1] કરે છે તે મહારા ચરણારવિંદની સેવામાંજ ચોતરફથી પ્રીતિ રાખનારા અને માહારે માટેજ ચેષ્ટા કરનારા કેટલાએક, મહારી સાથે એકાત્મપણું થવાને ઇચ્છતા નથી એટલે ભગવાનના સ્વરૂપ સાથે પોતાનો આત્મા મળી જાય તે સાયુજ્ય મુક્તિને પણ ઇચ્છતા નથી. તેમ જડભરતની કથાની સમાપ્તિમાં પંચમ સ્કંધના ૧૪ મા અધ્યાયમાં શુકદેવજીયે કહેલ છે કેઃ–

यो दुस्त्यजान् क्षितिसुतस्वजनार्थदारान्
प्रार्थ्यां श्रियं सुरवरःसदयावलोकान् ।
नैच्छन्नृपस्तदुचितं महतां मधुद्विट्
सेवानुरक्तमनसामभवोऽपि फल्गुः ॥ ४४ ॥

અર્થ––કોઇનાથી છોડી શકાય નહિ તેવી પૃથ્વી, પુત્ર, પોતાના સંબંધીયો, ધન વિગેરે અને સ્ત્રિયો, તેમજ ઉત્તમ દેવતાઓએ પ્રાર્થના કરવા યોગ્ય અને કૃપાકટાક્ષ સહિત લક્ષ્મીની પણ જે રાજાએ ઇચ્છા રાખી નહિ તે યોગ્ય છે; કેમકે મધુ દૈત્યને મારનાર ભગવાનમાં જેનું મન આસકત છે, એવા મહોટા પુરૂષોને મોક્ષ પણ તુચ્છ છે. તેમ ષષ્ઠસ્કંધના ૧૭ મા અધ્યાયમાં મહાદેવજીએ રૂદ્રાણી પ્રત્યે કહેલ છે કેઃ–

नारायणपराः सर्वे न कुतश्चन बिभ्यति ।
स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिनः ॥ २८ ॥

અર્થ––નારાયણમાં પરાયણ સર્વ કોઇનાથી ડરતા નથી; સ્વર્ગ, મોક્ષ અને નર્કમાં પણ સરખા અર્થને જોનારા છે; એટલે જેઓને ભગવાનનો ઉત્તમ અશ્રય છે તેઓ સ્વર્ગ અને મોક્ષને

---

૧ પરસ્પર અનુવાદ પૂર્વક ગુણોની પ્રશંસા કરવી તે સભાજન.

નરક બરોબર સમજે છે. ઈત્યાદિક વાક્યથી ભગવાનના સ્વરૂપ-માં જેને વ્યસન છે તેનું ઉત્તમપણું જાણવું. એવી રીતે ફળના તારતમ્યનો વિચાર કરીયે છીયે, ત્યાં ભક્તિ શબ્દનો મુખ્ય અર્થ સ્નેહજ છે. અને શ્રવણાદિકમાં જે ભક્તિ શબ્દ વપરાય છે તે પ્રભુમાં સ્નેહને ઉત્પન્ન કરે છે. તેથી ગૌણ અર્થથી વપરાય છે તેથીજ કપિલદેવજીએ તૃતીયસ્કંધના ૨૯ મા અધ્યાયમાં કહ્યું છે કેઃ--

**सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।**
**दीयमानं न गृह्णंति विना मत्सेवनं जनाः ॥ १३ ॥**

અર્થ--મહારા ભક્તોને સાલોક્ય, ( એક લોકમાં રવેવું ) **સાર્ષ્ટિ,** ( પોતાના સમાન ઐશ્વર્ય આપવું ) સામીપ્ય, ( પોતાના સમીપમાં રહેવું ) સારૂપ્ય, ( પોતાના જેવું રૂપ કરવું ) અને એકત્વ ( પોતાના સાથે મળી જવું ) એ આપું છું તોપણ તેઓ મહારા સેવન વિના બીજું કાંઈ ઇચ્છતા નથી. એટલે એ પાંચે પ્રકારની મુક્તિ પ્રાપ્ત થઈ શકે નહીં તેવી હોવાથી તેની ઇચ્છા થવી તે યોગ્ય છે, તોપણ કહી શકાય નહીં તેવો અને કેવળ અનુભવથીજ જણાય તેવો ભજનરસનો આસ્વાદ મળવાથી તે સ્વાદવડે હર્ષ પામેલા ભક્તો તે પાંચ પ્રકારની મુક્તિને પણ ઇચ્છતા નથી; કેમકે ભજનાનંદનો અનુભવ થયા પછી બીજું ફળ પ્રાપ્ત થવાનું રહે ત્યારે ભજનાનંદ સ્વતઃ પુરુષાર્થરૂપ થાય નહીં પણ અન્યશેષ થાય. અને જેને પ્રભુમાં વ્યસન થયું છે તેને તો ભજનાનંદ સ્વતઃ પુરુષાર્થરૂપજ થાય છે તેથી બીજા ફળની તેને ઇચ્છા રહેતીજ નથી; તેથી કપિલદેવજીયે વ્યસનવા-ળાનું લક્ષણ કહીને કહ્યું છે કેઃ--

**स एव भक्तियोगाख्य आत्यंतिक उदाहृतः ।**
**येनातिव्रज्य त्रिगुणं मद्भावायोपपद्यते ॥ १४ ॥**

અર્થ--જેનું ભક્તિયોગ નામ છે તે ખરેખર ઉપર બતા-

વેલો તેજ છે, જે ભકિતયોગવડે ત્રણે ગુણોના કાર્યનું ઉલ્લંઘન કરીને મહારા ભાવને માટે પ્રાપ્ત થાય છે. એમ કહ્યું છે તે ભકિતયોગનું સ્વરૂપ કહ્યું છે; તે જો भक्ति શબ્દનો મુખ્ય અર્થ સ્નેહમાંજ ન હોય તો પ્રથમ તેરમા શ્લોકમાં તેનું લક્ષણ કહીને પછી ઉપરના શ્લોકમાં તેનું સ્વરૂપ કહ્યું છે, તે અને તેમાં स एव (તેજ) ભકિતયોગ નામનો છે એમ નિશ્ચયને કહેનાર एव કાર કહેલ છે, તે ઘટે નહીં. જો કે સ્નેહ ભીતરનો ધર્મ છે અને શ્રવણાદિક બહારનો ધર્મ છે તેથી તે બન્નેને એકરૂપપણુ થાય નહીં તોપણ પ્રભુમાં સ્નેહ સિદ્ધ થયા પછી જે શ્રવણાદિક કરાય છે તે સ્નેહની અંદર આવી જઇને (બહારનું જળ જેમ ગંગાજીમાં મળ્યા પછી ગંગાજીરૂપ થઇ જાય છે તેમ શ્રવણાદિક પણ) સ્નેહરૂપ થઇ જાય છે. એમ ન હોય તો કપિલદેવજીયે ભકિતયોગ તેનુંજ નામ છે એમ કહ્યું છે તે વ્યર્થ થાય માટે સ્નેહ સિવાયનામાં भक्ति શબ્દ ઔપચારિક છે એમ જણાવ્યું છે, અથવા સાક્ષાત્ શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત કરવાપણાથી જે શ્રવણાદિક કહેલું છે તે भक्ति પદની પ્રવૃત્તિનું નિમિત્ત જુદુંજ છે. જે સાક્ષાત્ શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત કરનાર હોય તે भक्ति એમ નહીં કહેવું; કેમકે દ્વેષાદિક પણ પ્રાપ્ત કરનાર હોવાથી તેને પણ ભકિતપણું થશે. સાક્ષાત્ શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત કરનાર હોય તે ભક્તિ એમ કહો છો ત્યાં સાક્ષાત્ પદ કહેવાનું કાંઈ જરૂર નથી એમ નહીં કહેવું; કેમકે વિભૂતિરૂપનું ભજન કરનારને પણ તે દ્વારા પુરુષોત્તમ પ્રાપ્તિ થાય છે; તેથી અક્રૂરસ્તુતિમાં દશમસ્કંધના ૪૦ મા અધ્યાયમાં કહેલ છે કેઃ—

**यथाऽद्रिप्रभवा नद्यः पर्जन्यापूरिता त्रिभो ! ।**
**विशांति सर्वतः सिंधुं तद्वत्त्वां गतयोंऽततः ॥ १० ॥**

અર્થ—જેમ પર્વતમાંથી ઉત્પન્ન થયેલી નદીયો મેઘથી પૂરાય છે ત્યારે હે સમર્થ ! ચોતરફથી સમુદ્રમાં પ્રવેશ કરે છે તેમ સર્વ ગતિયો અંતે આપમાં જાય છે એમ બતાવવા સારૂજ આપ

સમર્થ છો એમ સંબોધન આપેલું છે. ઈત્યાદિક પ્રમાણોથી સિદ્ધ છે કે વિભૂતિના ઉપાસક તે દ્વારા શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત થાય છે. તેમ ફળરૂપ ભક્તિમાં શ્રીકૃષ્ણમાં સ્નેહપણુંજ કારણરૂપ છે. એમ એક भक्ति શબ્દમાં અનેક અર્થો રહેલા છે. શબ્દની પ્રવૃત્તિ થવાનું કારણ જૂદું હોય તો પણ જેમ **पुष्पवान्** શબ્દ કહેવાથી સૂર્ય અને ચંદ્ર બન્નેનો બોધ થાય છે તેમ કોઈ સ્થળમાં भक्ति પદ સાધનરૂપ અને ફળરૂપ બન્ને પ્રકારની ભક્તિને કહેનારૂં હોય છે. પણ શ્રીપુરૂષોત્તમનું સ્વરૂપ માત્ર જેમાં ફળરૂપ છે એવી ભક્તિ તો **भक्त्या ग्राह्यः** (સત્પુરુષના મિત્રરૂપ પ્રભુ ભક્તિવડે ગ્રાહ્ય છે.) ઇત્યાદિક વાકયોથી સમજવી. તે એકાદશસ્કંધના ૨૭ મા અધ્યાયમાં કહેલ છે કેઃ—

**मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दति ।**
**भक्तियोगं स लभते एवं यः पूजयेत माम् ॥ ६३ ॥**

અર્થ—જેની અંદર કોઈ જાતની ઇચ્છા રહેલી નથી, એવા ભક્તિયોગવડે મનેજ પ્રાપ્ત થાય છે અને ઇચ્છારહિત થઈને આગળ બતાવેલી રીતિ પ્રમાણે જે મ્હારૂં પૂજન કરે છે તે ભક્તિયોગને મેળવે છે. એમ કહ્યું છે ત્યાં એકાદશસ્કંધના ૨૭ મા અધ્યાયમાં પ્રથમ જે પૂજાનો પ્રકાર કહ્યો છે તે પ્રમાણે નિરપેક્ષતાથી પૂજા કરે તો તેને જે ભક્તિયોગ મળે તે ફળરૂપ સમજવો. તેમ ગીતાજીના ૧૨ મા અધ્યાયના પ્રારંભમાં અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને પૂછેલ છે કેઃ—

**एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।**
**ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ ३ ॥**

અર્થ—એવી રીતે હંમેશા આપમાં જોડાયેલા જે ભક્તો આપની સર્વ રીતે ઉપાસના કરે છે, તે અને જે સ્પષ્ટ નહીં એવા અક્ષર બ્રહ્મની ઉપાસના કરે છે, તે બન્નેમાંથી યોગને જાણવાવાળામાં ઉત્તમ કોણ ? એમ પૂછયું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તરમાં કહેલ છે કેઃ—

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ २ ॥

અર્થ—મ્હારામાં મનનો પ્રવેશ કરીને નિત્ય જોડાયેલા અને ઉત્તમ શ્રદ્ધાએ યુક્ત જે ભક્તો મ્હારી ઉપાસના કરે છે તે અત્યંત યુક્ત મેં માનેલા છે એમ કહેલ છે. તેમ સપ્તમ-સ્કંધના ૭ મા અધ્યાયમાં પ્રહ્‌લાદજીએ દૈત્યપુત્રોને કહેલ છે કેઃ—

नालं द्विजत्वं देवत्वमृषित्वं वाऽसुरात्मजाः ! ।
प्रीणनाय मुकुंदस्य न वृत्तं न बहुज्ञता ॥ ५१ ॥
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्याद्विडंबनम् ॥ ५२ ॥

અર્થ—હે અસુરપુત્રો ! મોક્ષને આપનાર ભગવાનને પ્રસન્ન કરવા માટે દ્વિજપણું* સમર્થ નથી, દેવપણું, અથવા ઋષિપણું સમર્થ નથી, સદાચાર સમર્થ નથી, બહુ જાણવાપણુ સમર્થ નથી, દાન સમર્થ નથી, તપ સમર્થ નથી, યજ્ઞ સમર્થ નથી, પવિત્રતા સમર્થ નથી અને વ્રતો સમર્થ નથી. ભક્તના પાપ તથા દુઃખને હરનાર ભગવાન્ શુદ્ધ ભક્તિવડે પ્રસન્ન થાય છે. બાકી બીજું તો અનુકરણ છે. એમ કહ્યું છે ત્યાં શુદ્ધ ભક્તિ કહેલી છે. તેમ એકાદશસ્કંધના ૧૪ મા અધ્યાયમાં ઉદ્ધવજી પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાને કહેલ છે કેઃ—

न साधयाति मां योगो न सांख्य धर्म उद्धव !
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ २० ॥
भक्त्याऽहमेकया ग्राह्यः श्रद्धयाऽऽत्मा प्रियः सताम् ।
भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि संभवात् ॥ २१ ॥

* યજ્ઞોપવીતનો સંસ્કાર થયા પછી દ્વિજપણું થાય છે તે.

અર્થ—હે ઉદ્ધવ ! વૃદ્ધિ પામેલી મ્હારી ભક્તિ જેવી રીતે મને સ્વાધીન કરે છે, તેવી રીતે યોગ સ્વાધીન કરતો નથી, સાંખ્ય સ્વાધીન કરતું નથી, ધર્મ સ્વાધીન કરતો નથી, તપ સ્વાધીન કરતું નથી, અને ત્યાગ સ્વાધીન કરતો નથી. શ્રદ્ધાએ કરીને સત્પુરુષના પ્રિય આત્મારૂપ હું એક ભક્તિવડે ગ્રાહ્ય છું. ઉત્પત્તિથી ચાંડાલ હોય તેવાને પણ મ્હારામાં રહેલી ભક્તિ પવિત્ર કરે છે. ઈત્યાદિક વાકયોથી યોગાદિકથી પણ જે ભગવાન્ પ્રાપ્ત થતા નથી તેને પ્રાપ્ત કરનાર જે ભક્તિ લખી છે તે ઉત્તમ ભક્તિ સમજવી. અને તેવી ભક્તિનેજ ફળરૂપપણું છે. એમ હજારો વાક્ય ફળરૂપ ભક્તિનું પ્રતિપાદન કરનારાં છે તેનાથી તેનું સ્વરૂપ જાણવું. અને ગોપાલાદિક મંત્રના અધિષ્ઠાતાને તો શ્રીપુરુષોત્તમની વિભૂતિરૂપપણું છે તે પ્રથમ પ્રતિપાદિત કર્યું છે; તેથી તેને પ્રાપ્ત કરનાર તેના જપ કે અર્ચનાદિકને ભક્તિપણું કહિ શકાતું નથી. તેમ તેને ભક્તિનું સાધનપણું કહેલ છે તેથી પણ ભક્તિપણું નથી. એવી રીતે પ્રભુમાં સ્નેહરૂપ ભક્તિને ઉત્તમપણું અને ફળરૂપપણું સિદ્ધ થયું ત્યારે યજ્ઞાદિક કર્મમાં જેમ શાસ્ત્રમાં કહેલ વિધિજ નિયામક હોવાથી તે વિધિને આધીનજ સર્વ ક્રિયાઓ છે, તેમ આ ફળરૂપ ભક્તિમાર્ગના ભજનના પ્રકારોમાં સ્નેહજ નિયામક હોવાથી શીત તથા ઉષ્ણતા વિગેરેનું નિવારણ કરવા આદિ ઉપચારોમાં સ્નેહને આધીનજ સર્વ ક્રિયાઓ છે. જેઓને પ્રભુમાં સ્નેહ થયો નથી અને સ્નેહવાળા ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થયા છે, તેઓને તો સ્નેહવાળાએ કરેલો ઉપદેશજ નિયામક છે એટલે સ્નેહ ઉત્પન્ન થયો નથી અને ભજનમાં પ્રવૃત્ત થયા છે તેઓને તો સ્નેહની મર્યાદા પ્રમાણેજ ભજનની રીતિ બતાવવી જોઇએ. તે રીતિ વેદાદિકથી અવિરૂદ્ધજ છે એમ સમજવું. બાલકને યજ્ઞોપવીત થાય ત્યારે તે તેના વિધિને જાણતો ન હોય તોપણ પિતા વિગેરેના શિખવવા પ્રમાણે તે સંધ્યાવંદનાદિક કર્મ કરે છે, તેને જેમ કર્મમાર્ગીયપણું છે તેમ સ્નેહ

વગર પણ સ્નેહવાળા સંપ્રદાયમાં આવ્યો હોય તે, તે સંપ્રદાયમાં પ્રાપ્ત થયેલ કૃતિ કરતો હોય તેને ભક્તિપણુંજ છે; કેમકે તે કૃતિ ભક્તિમાર્ગીય છે. પ્રથમ પ્રભુમાં સ્નેહ નહીં છતાં જે સ્નેહવાળો પ્રવૃત્ત થયો છે તે, તે સંપ્રદાયની રીતિ પ્રમાણે ભક્તિ કરે છે, તો તેને આગળ જતાં અવશ્ય પ્રભુમાં સ્નેહ થશે, એમ સમજવું. વિધિને નહીં જાણનાર બાળક, પિતા વિગેરેના શિખવવા પ્રમાણે કર્મ કરે છે તેને જેમ તે કર્મનું શાસ્ત્રમાં કહેલું ફળ પ્રાપ્ત થાય છે, તેમ સ્નેહ વગરનો હોય તે સ્નેહવાળાના શિખવવા પ્રમાણે ભજન કરે છે તે ભજનથી પણ શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિરૂપ ફળ થાય છે. એટલે પછી તેને બીજું શું બાકી રહે છે? કાંઈ પણ બાકી રહેતું નથી. આજના સમયના ઉપદેશ કરનારાઓને કદાચિત્ પ્રભુમાં સ્નેહ ન હોય તો પણ સ્નેહવાળા સંપ્રદાયના મૂળભૂત આચાર્યો પ્રભુમાં પૂર્ણ સ્નેહવાળા હોવાથી (સ્નેહવાળાની જેવી કૃતિ હોય તે પ્રમાણેજ) તેઓએ સર્વ રીતિ બાંધેલી છે; તે સર્વ સ્નેહનીજ કૃતિ છે તેથીજ તેમાં ભગવાનનો અનુગ્રહ થયેલો છે; માટે તેઓએ જે રીતિ બાંધેલી છે તે પ્રમાણે સેવાદિક કરવાથી સર્વ ફળ સિદ્ધ થાય છે; કેમકે જે ભક્તના ઉપર પ્રભુનો અનુગ્રહ હોય તેમણે જે માર્ગ પ્રવર્તાવેલો છે તેના તરફ ભગવાનનો પક્ષપાત રહે છે તેથીજ દશમસ્કંધમાં ગર્ભસ્તુતિમાં બ્રહ્માદિકે કહેલ છે કેઃ—

**स्त्वय समुत्तीर्य सुदुस्तरं द्युमन् भवार्णवं भीममदभ्रसौहृदाः ।**
**भवत्पदांभोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवान् ॥**

**અર્થ**—હે પ્રકાશમાન ભગવાન્! ઘણા સ્નેહવાળા આપના ભક્તો, આપના ચરણારવિંદાત્મક ભક્તિરૂપ નાવવડે સંસારરૂપ સમુદ્રને તરે છે તે સમુદ્ર કોઇથી તરાય તેવો નથી, તેમ અત્યંત ભયંકર છે, તેવા સમુદ્રને પોતે તરીને આપના ચરણાત્મક ભક્તિરૂપ નાવને અહીં [જગતમાં] રાખીને તે ભક્તો આલોકમાંથી ગયા છે, તોપણ તે સત્પુરુષો ઉપર અનુગ્રહ કરનાર આપ

છે તેથી તેઓએ પ્રવર્તાવેલ ભક્તિમાર્ગમાં ચાલનાર ઉપર પણ આપનો અનુગ્રહ છે. એમ કહેલ છે ત્યાં ભગવાનના ચરણાર- વિંદને ભક્તિમાર્ગીયપણું હોવાથી તે માર્ગરૂપ પોતાના સંપ્ર- દાયને તે ભક્તોયે પ્રવર્ત્તાવેલ છે, એજ ચરણાવિંદરૂપ નાવ અહીં રાખેલું છે; માટે તે ભકતોએ પ્રવર્તાવેલ સંપ્રદાયમાં જેઓ પ્રવૃત્ત થયેલા છે તેઓને તેવું સાધન ન હોય તોપણ સંપ્રદાયને પ્રવ- ર્ત્તાવનાર મૂલપુરુષ ઉપર ભગવાનનો અનુગ્રહ હોવાથી તેઓના ઉપર ભગવાનનો પક્ષપાત છે,–તેથી તેના સંબંધવાલા જીવો ઉ- પર પણ ભગવાન્ અનુગ્રહ કરે છે; એમ બતાવવા સારૂ સત્પુરુષો ઉપર આપનો અનુગ્રહ છે એમ કહ્યું છે. અને આ બાબત પ્ર માણરૂપ છે એમ બતાવવા સારૂ છેવટ **भवान्** એમ કહીને ભ- ગવાનની સંમતિ બતાવી છે; એવા સંપ્રદાયમાં રહેલા હોય તેઓ સંસારરૂપી સમુદ્રને અવશ્ય તરે છે, એમ બતાવવા સારૂ તે ના- વરૂપ છે એમ કહ્યું છે; એટલે નાવમાં બેઠો હોય તે સમુદ્રને અ- વશ્ય તરે છે; તેમ ભગવદ્દભકતે પ્રવર્ત્તાવેલ સંપ્રદાયરૂપ નાવમાં બેઠો હોય તે સંસારરૂપી સમુદ્રને અવશ્ય તરે છે તેથી વગર મહેનતે સંસારરૂપ સમુદ્રને તરવાનુ સૂચવ્યું છે. હાથવડે તરવા- માં મહેનત પડે છે તેમ નાવવડે તરવામાં મેહેનત પડતી નથી. આ બધી હકીકત શ્રીભાગવત દશમસ્કંધનાં શ્રીસુબોધિનીજીમાં શ્રીઆચાર્યજીએ વિસ્તારથી દર્શાવી છે તેથી અહીં લખી નથી; પણ ભગવદ્દભજનમાં આ વ્યવસ્થા છે એટલે સંપ્રદાયથી પ્રાપ્ત હોય તેજ કરવું સંપ્રદાય વગરની બાબત શાસ્ત્રોક્ત વિધિને અ- નુસરતી હોય તોપણ કરવી નહીં. એમ ન હોય તો અગ્નિહો- ત્રાદિકમાં પણ ભગવાનુંજ આરાધન છે તે કર્મમાર્ગીય છે તે પણ કરવાનું પ્રાપ્ત થાય, પણ તે આરાધન પોતા પાસે કરાવવાની પ્રભુની ઇચ્છા જાણવામાં આવે તો તે જાણીને જ્યારે અગ્નિહો- ત્રાદિક કરે ત્યારે કલ્પસૂત્રને અનુસારેજ કરવું; તે સિવાય બીજી રીતે કરવું નહી. શિષ્ટાચાર વેદની બરોબર પ્રમાણ છે; તેથી સં-

પ્રદાયની રીતે ઉપદેશ થવાથીજ સ્નેહ હોય તોપણ તે સંપ્રદાયપ્રાપ્ત હોવાથી તેને પ્રામાણિકપણું છે માટે તે પ્રમાણે કરવામાં અંધપરંપરા પ્રમાણે કરે છે એવી શંકા કરવાની નથીઃ કેમકે પ્રમાણસિદ્ધ છે. જેમ યજ્ઞાદિક આપણી કૃતિથી સિદ્ધ થાય છે અને તેનાથી સ્વર્ગાદિક ફળ પ્રાપ્ત થાય છે તેમ ભગવાનમાં પ્રેમ થાય તેને ફલપણું છે તે ફળ આપણી કૃતિથી સિદ્ધ થતું નથી પણ પ્રભુમાં સ્નેહ થવા રૂપ ફળનો અનુવાદ શાસ્ત્રમાં કરેલો છે. જેમ શ્રીભાગવત દશમસ્કંધમાં ગર્ગાચાર્યે નામકરણના પ્રસંગમાં શ્રીનંદરાયજી પ્રત્યે કહેલ છે કેઃ--

**यएतस्मिन् महाभागाः प्रीतिं कुर्वाति मानवाः ।**
**नारयोऽभिभवंत्येतान्विष्णुपक्षानिवासुराः ॥**

અર્થ--વિષ્ણુના પક્ષવાળાઓને જેમ અસુરો પરાભવ કરી શકતા નથી તેમ આ શ્રીકૃષ્ણમાં જે મહોટા ભાગ્યવાળા પ્રીતિ કરે છે તેઓને શત્રુઓ પરાભવ કરી શકતા નથી. એમ કહ્યું છે ત્યાં શ્રીકૃષ્ણમાં પ્રીતિ રાખનારને મહોટા ભાગ્યવાળા કહેલા છે. તેમ નારદ પંચરાત્રમાં કહેલ છે કેઃ--

**माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।**
**स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥**

અર્થ—પ્રથમ પ્રભુની મહોટાઈ જણાયા પછી અતિદૃઢ અને સર્વ (સ્નેહ થવાના પાત્રરૂપ શરીર, સ્ત્રી, પુત્રાદિક) થી અધિક પ્રભુમાં સ્નેહ થાય તે ભક્તિ કહેવાય છે. તે ભક્તિવડે મુક્તિ થાય છે તે ભક્તિ સિવાય મુક્તિ નથી. એમ કહ્યું છે ત્યાં પ્રભુમાં સર્વથી અધિક સ્નેહ થાય તે ભક્તિ કહેલ છે અને તે ભક્તિથી મુક્તિ થવાનું લખ્યું છે તેમ શ્રી ભાગવત તૃતીયસ્કંધમાં શ્રીકપિલદેવજીયે દેવહુતીજીને કહેલ છે કેઃ--

**देवानां गुणलिंगानामानुश्रविककर्मणाम् ।**
**सत्वएवैकमनसोवृत्तिः स्वाभाविकी तु या ॥**

अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी ।
जरयत्याशु या कोशं निगीर्णमनलो यथा ॥

અર્થ--ગુણલિંગવાળા દેવતાઓ અને વૈદિક કર્મવાળાઓની સત્વમાંજ મુખ્ય મનની જે સ્વાભાવિક વૃત્તિ છે, તે કારણ વગરની ભગવાનની ભક્તિ છે; તે સિદ્ધિથી મ્હોટી છે જે, ભક્તિ ઉદરમાં ગયેલા પદાર્થને જઠરાનલ બાલે છે તેમ અંદરના કોશને નિવૃત્ત કરે છે. તેમ ત્યાંજ ઓગણત્રીશમા અધ્યાયમાં કહેલ છે કેઃ-

मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये ।
मनोगतिरविच्छिन्ना यथा गंगांभसोऽम्बुधौ ॥ ११ ॥
लक्षणं भाक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ।
अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥ १२ ॥

અર્થ--મ્હારા ગુણ સાંભળવા માત્રથી જેમ ગંગાજીના જળની ગતિ સમુદ્રમાં અવિચ્છિન્ન[1] મળીને રહે છે, તેમ સર્વની હૃદયગુહામાં રહેનાર મ્હારામાં મનની ગતિ અવિચ્છિન્ન રહે છે તે નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહેલું છે; જે શ્રીપુરુષોત્તમમાં કારણ વગરની અને જેને કાંઈ આડું વ્યવધાન આવે નહીં, એવી અર્થાત્ કોઈ કારણથી ભક્તિ નિવૃત્ત થતી નથી તેનું લક્ષણ કહેલું છે. ત્યાં કારણ વગર અને અંતરાય પડે નહીં તેવી ભક્તિને નિર્ગુણ ભક્તિ લખી છે. અને સાધનરૂપ શ્રવણાદિક ભક્તિ તો દ્વિતીયસ્કંધમાં કહેલ છે કેઃ—

तस्माद्भारत ! सर्वात्मा भगवान् हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्त्तितव्यश्च स्मर्त्तव्यश्चेच्छताऽभयम् ॥

અર્થ—તેથી હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલ રાજા પરિક્ષિત્! સર્વના આત્મા, ઐશ્વર્યાદિક છ ગુણોવાળા, સર્વનું દુઃખ હરનાર

---

૧ સમુદ્રમાં ગંગાજીનું જળ મળ્યા પછી તે જળ જેમ સમુદ્રમાંથી જુદું પડીને ચાલતું નથી તેમ મનની ગતિ ભગવાનમાંથી જુદી પડે નહી.

અને સર્વ ઉપર જેનો હુકમ ચાલે છે એવા પ્રભુ, સાંભળવા યોગ્ય, કીર્તન કરવા યોગ્ય અને સ્મરણ કરવા યોગ્ય છે. એમ કહ્યું છે ત્યાં પ્રીતિથી શ્રવણાદિક થાય છે એમ બતાવવા સારૂ સર્વના આત્મા છે એમ કહ્યું છે, એટલે પોતાનો આત્મા સર્વને પ્રિયજ હોય છે અને જે પ્રિય હોય તેના ગુણ સાંભળવામાં સ્વાભાવિક પ્રીતિ થાયજ છે. ત્યારે પ્રભુ સર્વના આત્મા છે તેથી તેમના ગુણોનું શ્રવણાદિક આનંદથીજ થવું જોઈએ; તે પ્રભુ સર્વના આત્મા છે, એમ સમજાય ત્યારે થાય. તેમ ઐશ્વર્યાદિક છ ગુણો પણ ભગવાનમાં સ્વતઃ સિદ્ધ છે તેથી તેમનું શ્રવણાદિક કરવાથી સર્વ ફળ સિદ્ધ થાય છે એમ બતાવ્યું છે, તેમ પ્રભુનું શ્રવણાદિક કરવાથી કાંઈ પણ દુઃખ કે પાપ રહેતું નથી એમ બતાવવા સારૂ તે હરિ છે એમ કહ્યું છે, અને ગમે તે ફળની ઇચ્છા રાખે તે ફળ તો પ્રભુનાજ સ્વાધીનમાં છે તેમની આજ્ઞા સિવાય બીજા કોઇથી ફળ અપાતું નથી એમ બતાવવા માટે તે ઇશ્વર છે એમ કહ્યું છે. જેમ વેદમાં સ્વાધ્યાય જાણવાનો વિધિ [વેદાજ્ઞા] કહેવા માટે **तव्य** પ્રત્યય લખેલો છે, તેમ સર્વના આત્મા ભગવાનના શ્રવણાદિકની પણ આજ્ઞા છે એમ બતાવવા સારૂ વેદમાં **तव्य** પ્રત્યયથી શ્રવણાદિકનો વિધિ કહેલ છે; તે પ્રમાણે કરે નહીં તો પ્રત્યવાયી થાય એમ સૂચવવા માટે અહીં પણ **तव्य** પ્રત્યયથી **श्रोतव्यादिक** ની આવશ્યકતા જણાવી છે. તેથી જેમ **स्वाध्यायोऽध्येतव्यः** ( સ્વાધ્યાય જાણવો ) **आत्मावाऽरे द्रष्टव्यः श्रोतव्यः** ( આત્માનું દર્શન કરવું શ્રવણ કરવું ) ઇત્યાદિક વિધિવાક્યવેદમાં છે, તે અવશ્ય કર્ત્તવ્યતાને બતાવનાર છે. તેમ અહીં પણ **श्रोतव्यः** ( અવશ્ય શ્રવણ કરવા યોગ્ય ) **कीर्त्तितव्यः** ( અવશ્ય કીર્ત્તન કરવા યોગ્ય ) અને **स्मर्त्तव्यः** ( અવશ્ય સ્મરણ કરવા યોગ્ય ) એમ કહ્યું છે તે અવશ્ય કર્ત્તવ્યતાને બતાવનાર છે. એવી રીતે ફળરૂપ[1] ભક્તિ અને સાધનરૂપ[2] ભક્તિ અવશ્ય કર્ત્તવ્ય છે એમ વેદની આજ્ઞા

---

૧ સ્નેહાત્મક ભક્તિ. ૨ શ્રવણાદિક ભક્તિ.

છે, તેથી તે પ્રમાણે નહીં કરવાથી પ્રાયશ્ચિત્તનો અધિકારી થાય છે એમ સમજવું. એવી રીતે ભક્તિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ અને ભક્તિની અવશ્ય કર્ત્તવ્યતા બતાવીને હવે ગ્રંથની સમાપ્તિમાં નિચે પ્રમાણે બે શ્લોકવડે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કેઃ—

**उपास्तिं मन्यंते मधुमथनभक्तिं निजकृता·**
**र्थतां तत्रोपास्यं परमपुरुषं चापि सुविदः ।**
**द्वयोः सारूप्यात्तद्भ्रमहतिकृते मानसगतं**
**मुदा भक्तेर्हंसं प्रकटमकरोद्विठ्ठलकृती ॥ १ ॥**

અર્થ—સંપ્રદાયને જાણનારાઓ પણ મંત્રાદિકવડે ઉપાસના કરવી (એટલે રામમંત્ર તથા ગોપાલાદિક મંત્રવડે ઉપાસના કરવી) તે મધુદૈત્યને મારનાર ભગવાનની ભક્તિ છે એમ માને છે, તેમજ તે ઉપાસનાવડે પોતે કૃતાર્થ છે અને તેમાં ઉપાસના પર્ણ પુરુષોત્તમની છે એમ પણ માને છે; કેમકે ઉપાસના અને ભક્તિ બન્નેનાં બાહેરનાં સાધનનું આચરણ સમાન છે, અને તેનાં સ્વરૂપને જુદું પાડનાર ભાવ તે ભીતરનો ધર્મ છે, તે નહીં જાણવાથી તેવાઓને પણ ભ્રમ થાય છે, જેમ દૂધ અને પાણી તળાવમાં મળી ગયલ હોય તેને હંસ જુદું પાડે છે, તેમ ઉપાસના અને ભક્તિનાં સ્વરૂપ પણ વિદ્વાનોના મનમાં મળી ગયેલ છે તે મનમાં રહેલા ભ્રમને મટાડવા માટે સફળ ઉદ્યમવાળા શ્રીવિઠ્ઠલનાથજી [ શ્રીગુસાંઇજી ] એ હર્ષવડે ભક્તિના હંસને પ્રકટ કરેલો છે. [૧]

**व्रजामि चरणं मुदा शरणमैहिकामुष्मिके**
**निरस्त निजसशंयो य इह भाग्यवद्भिः स्मृतः ।**
**व्रजेशसुतपादपंकजपरागरागांचितं**
**करोतु सततं हि मां निजतनूजवात्सल्यतः ॥ २ ॥**

અર્થ—પોતાની બાબતમાં સંશયો જેમના નિરસ્ત થયા છે, અથવા પોતાના ભકતોના સંશયો જેમણે નિવૃત્ત કર્યા છે, અને જેમણે ઘણાં પુણ્યો કરેલાં છે એવા ભાગ્યવાળા પુરૂષોએ અહિં

જેનું સ્મરણ કરેલું છે એવા ( શ્રીઆચાર્યજીના ) ચરણને આલોક તથા પરલોકના અર્થ માટે હું હર્ષવડે શરણે જાઉં છું; માટે તે ચરણારવિંદ, પોતાના શ્રીઅંગથી પ્રકટ થયેલમાં સ્નેહને વશ થઈને શ્રીનંદરાયજીના પુત્ર શ્રીકૃષ્ણના ચરણારવિંદની રજના રંગથી મને હમેશાં વ્યાપ્ત કરો. [૨]

इति श्रीमद्गोपीजनवल्लभचरणैकतानश्रीविट्ठलदीक्षित विरचितो भक्तिहंसः संपूर्णः

## ઉપસંહાર.

ઉપર પ્રમાણે ભક્તિનું સ્વરૂપ સર્વશાસ્ત્રોથી સિદ્ધ થાય છે તે જાણ્યા સિવાય ઘણા લોકોનો ભક્તિના સ્વરૂપમાં ભ્રમ રહેલો છે; તેથી વાચક વર્ગને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે કે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે એકાદશસ્કંધમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એમ ત્રણ માર્ગ મનુષ્યોના કલ્યાણ માટે બતાવેલા છે તેમાં જ્ઞાનમાર્ગના અધિકારીઓ દૃઢ વૈરાગ્યવાળા કહેલા છે, માટે દૃઢ વૈરાગ્ય હોય ત્યારે જ્ઞાનમાર્ગનો અધિકાર થાય છે, તે આ સમયમાં થવું કઠિન છે; કેમકે તેવા વૈરાગ્યવાળા ઉપદેશકજ મળતા નથી, અને જ્યાં સુધી જ્ઞાનનો ઉપદેશ કરનારમાં વૈરાગ્ય ન હોય ત્યાં સુધી સાંભળનારમાં વૈરાગ્ય થાયજ નહીં; અને વૈરાગ્ય ન થયો એટલે જ્ઞાનમાર્ગનો અધિકાર તો કયાંથીજ થાય. તેમ આજના સમયમાં લોકો જેને જ્ઞાન માને છે અને તેનો ઉપદેશ કરનારને જ્ઞાની માને છે એ કેવળ ભૂલજ છે; કેમકે મુખ્ય તો જ્ઞાનોપદેશનો અધિકાર સંન્યાસાશ્રમવાળાને છે, તે સંન્યાસાશ્રમજ શ્રીમદ્ વલ્લભાચાર્યજી કૃત **संन्यासनिर्णय** ગ્રંથ પ્રમાણે આજના સમયમાં નથી ત્યાં જ્ઞાનમાર્ગનો ઉપદેશ કયાંથીજ રહે? અને કેટલાએક ગૃહસ્થો કે સંન્યાસાશ્રમનો વેષ ધારણકરનારાઓ ગમે તે જાતના હોય પણ જ્ઞાનીનો ડોળ ઘાલી બે ચાર સાચી ખોટી વાતો કરવા લાગે કે ભોળી દુનીયાં તેને મહાત્મા માની તેનાં વચનો ઉપર વિશ્વાસ રાખી આલોક અને પરલોકના સાધનોથી

ભ્રષ્ટ થઈ જઈ નાસ્તિકના જેવા તર્ક કરનારાઓ થાય છે. તેમાં કોઈ ગૃહસ્થ તેવી વાતો કરનાર કે તે બાબતના ગ્રંથો વાંચનાર હોય તો તે ઉત્તમાસન ઉપર બેસે છે. અને સંન્યાસિઓનો વેષ રાખનારાઓને નીચે બેસારે છે. તેમ સંન્યાસિઓનો વેષ રાખનારા જ્ઞાની હોય તો તે વાંતાશી જેવા હોય છે, એટલે પોતે આશ્રમના ધર્મથી તદ્દન વિરૂદ્ધ આચરણ કરનારા હોવાથી બીજાઓને પણ તેવા ધર્મભ્રષ્ટ કરી દે છે. (અર્થાત્ વર્ણાશ્રમના ધર્મથા કે ભગવાનની ભક્તિથો વિમુખ કરી દે છે.) તેમ જ્ઞાનનું સ્વરૂપ શ્રીમદ્ભગવદ્ગીતાના તેરમા અધ્યાયમાં કહેલું છે, તેવું જ્ઞાન તેમનામાં હોતુંજ નથી તેથી તેઓ નામનાજ જ્ઞાની છે, બાકી ખરી રીતે તો તેઓ અજ્ઞાનીજ છે. તેવા અજ્ઞાનિઓ ઉપદેશ કરે તે ફળદાયક થાયજ નહીં; માટે તેવા અજ્ઞાની લોકો જ્ઞાનને નામે કાંઈ વાતો કરે તો તે વાત ખરી છે કે ખોટી? એ વિવેચન કરી તેની વાત ઉપર વિશ્વાસ રાખવો જોઇએ, પણ જ્યાં સુધી જ્ઞાનનું સ્વરૂપ જાણ્યું ન હોય ત્યાં સુધી ખરૂં ખોટું જાણવાને તેઓ સમર્થ થતા નથી; માટે શ્રીગીતાજીમાં લખેલ જ્ઞાનનું સ્વરૂપ અહીં બતાવીયે છીએ.

अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ७ ॥
इंद्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥
आसक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ ९ ॥
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १० ॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ ११ ॥

અર્થ–અભિમાન રાખવું નહીં, (એટલે પોતાના ગુણોની મહોટાઈના વર્ણનમાં આનંદ રાખવો નહીં) ઢોંગ રાખવો નહીં, (એટલે લોકને દેખાડવા સારૂ ધર્માદિક કરવા બાકી હૃદયમાં ધર્મ ઉપર શ્રદ્ધા નહિં તે ઢોંગ કહેવાય છે તેવો ઢોંગ રાખવો નહિ) બીજાને પીડા કરવી નહીં, દુષ્ટ વિગેરે અતિક્રમ કરે તેનું સહન કરવું, કુટિલપણું રાખવું નહીં, ગુરૂનું સેવન કરવું, પવિત્રતા રાખવી, (એટલે મૃત્તિકા તથા જળ વિગેરેથી બહારની પવિત્રતા અને ભગવત્સ્મરણાદિકથી અંતઃકરણની પવિત્રતા રાખવી) ક્લેશાદિકમાં પણ ભગવત્પરાયણ રહેવું, ભૂખ, તરસ, ટાઢ, તડકો વિગેરેનું સહન કરીને શરીરાદિકને નિયમમાં રાખવું, ઇંદ્રિયોને ભોગવવાના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વિગેરે વિષયોમાં વૈરાગ્ય રાખવો, જરૂર અહંકાર રાખવો નહીં, જીવ બ્રહ્મનો અંશ છે તેને જન્મ થવામાં મલમૂત્રાદિકનો સંબંધ થયો છે, ભગવાનનું વિસ્મરણ થયું છે, શક્તિ ઘટી ગઈ છે, રોગાદિકથી ક્લેશ થાય છે, એ પ્રમાણે દુઃખ અને દોષ થયેલ છે એમ વિચારવું, પુત્ર, સ્ત્રી અને ઘર વિગેરેમાં આસક્તિ રાખવી નહીં, તેમજ પુત્ર, સ્ત્રી અને ઘર વિગેરેના સુખદુઃખાદિકમાં તન્મય થવું નહીં, પોતાને પ્રિય કે અપ્રિયની પ્રાપ્તિ થાય તેમાં ભગવદિચ્છા વિચારીને સરખું ચિત્ત રાખવું, (એટલે પ્રિય મળે ત્યારે હર્ષ કરવો નહીં અને અપ્રિય મળે ત્યારે ખેદ કરવો નહીં) લૌકિક તથા અલૌકિકમાં સદ્બુદ્ધિરહિત થઈને મહારામાં અનન્યયોગવડે મહારા શરણપણાથી ભક્તિ રાખવી, ભગવાન્ અને ભગવદ્ભક્તનો દ્વેષ કરનાર જ્યાં ન હોય તેવા દેશમાં રહેવાનો સ્વભાવ રાખવો, જન્મ મરણ ધર્મના ક્લેશયુક્ત લૌકિક જીવોની સભામાં પ્રતિષ્ઠા વિગેરેની ઇચ્છા રાખવી નહિ, આત્મસ્વરૂપ જાણવામાં નિત્ય ભાવ રાખવો અને *તત્વજ્ઞાનના અર્થરૂપ ભગવાનને જાણવા. એ પ્રમાણે જ્ઞાનનાં

---

* શ્રીભાગવત પ્રથમસ્કંધના દ્વિતીયાધ્યાયના અગીયારમા શ્લોકમાં કહ્યું છે કે વેદમાં બ્રહ્મ એવી રીતે, ગીતાજીમાં પરમાત્મા એવી રીતે અને શ્રીભાગવતમાં ભગવાન એવી રીતે શુદ્ધ અદ્વૈતજ્ઞાન જે કહેવાય છે તેને તત્વ જાણનારાઓ તત્વ કહે છે; તેથી તત્વનો ખરો અર્થ ભગવાન છે.

લક્ષણુ કહેલ છે તે લક્ષણુ જેનામાં હોય તે જ્ઞાન કહેવાય છે. અને ઉપર બતાવેલાં લક્ષણોથી અન્યથા હોય તે અજ્ઞાન કહેવાય છે અને તેવાં અન્યથા લક્ષણવાળો હોય તે અજ્ઞાની કહેવાય છે. એમ ગીતાજીના તેરમા અધ્યાયમાં સાતમા શ્લોકથી અગીયારમા શ્લોક સુધી જ્ઞાનનાં લક્ષણો કહેલ છે તેમાંનું એક પણ લક્ષણ આજના સમયમાં જ્ઞાની કહેવાતા મિથ્યાભિમાનવાળા લોકોમાં જોવામાં આવતું નથી; તેથી તેઓ જ્ઞાની નથી પણ અજ્ઞાની છે તેવાઓના સંગથી ખરૂં જ્ઞાન મળવાની આશા રાખી જ્ઞાનમાર્ગમાં જવાની ઈચ્છા રાખનારાઓને ઝાંઝવાના જળથી તૃષા મટાડવાની ઈચ્છા રાખનાર જેવાજ સમજવા. તેમ આજના સમયમાં જે જ્ઞાનીપણાનો મિથ્યા દાવો કરે છે, અને જેને અજ્ઞાની લોકો જ્ઞાની માને છે તે લોકો ઉપર બતાવેલા ગીતાજીના શ્લોકોમાં લખેલા લક્ષણવાળા નહીં હોવાથી અજ્ઞાનીજ છે એટલુંજ નહીં પણ ગીતાજીના સોળમા અધ્યાયમાં દૈવીસંપત્ અને આસુરીસંપત્નાં લક્ષણો લખેલાં છે; તેમાં આસુરી સંપત્ના લક્ષણમાં જગતને અસત્ય કહેનારને આસુર ગણેલા છે, તો તે પ્રમાણે આજના સ-મયમાં જે જ્ઞાની કહેવાય છે તે જગતને અસત્ય કહેનાર તેને આસુરીસંપત્તિવાળા ગણવા કે દૈવીસંપત્તિવાળા ગણવા ? એ વિષે પણ ખરેખર વિચર કરતાં આસુરી સંપત્તિમાં ગણવાનો નિશ્ચય થાય તો પછી તેને જ્ઞાની શી રીતે માની શકાય ? એ વિચાર ઉપર આવશું તો આજના સમયમાં જ્ઞાનમાર્ગ છેજ નહીં એમ સ્પષ્ટ સમજવામાં આપશે. તેવીજ રીતે કર્મમાર્ગ વિષે વિચાર કરીયે તો બ્રાહ્મણુ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણ વેદના અ-ધિકારવાળા હોવાથી કર્મમાર્ગના અધિકારીયો ગણ્યા છે; પણ જ્યાં બ્રાહ્મણોને યથાર્થ વેદોક્ત સંસ્કાર રહ્યા નથી ત્યાં ક્ષત્રિય કે વૈશ્યને માટે તો કહેવાનુંજ શું રહ્યું ? તેથીજ ઘણાખરા ક્ષત્રિય અને વૈશ્યો અસંખ્ય પેઢીયોથી વેદના સંસ્કારથી રહિત થઈ ગયા છે. તેવાઓને તો કર્મમાર્ગનો અધિકાર રહ્યોજ નથી; પણ પરંપરાથી

સંસ્કારયુક્ત બ્રાહ્મણો છે તેમને કર્મમાર્ગનો અધિકાર છે એમ સંભાવના કરીએ તો કર્મમાર્ગ પ્રમાણે વર્ત્તનાર બ્રાહ્મણો છે, એમ માની શકાય ખરૂં, પણ કર્મમાર્ગમાં ચાલનારને શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રાદિકમાં કહેલા ધર્મ પ્રમાણે વર્તવાની જરૂર છે, અને તે ધર્મ વિષે વિચાર કરીયે તો સવારમાં છ ઘડી અથવા ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠીને પ્રાતઃકાલમાં પ્રભુનું સ્મરણ કરીને દંતધાવનાદિકનો વિધિ છે, તે પ્રમાણે દંતધાવનદિક કરીને વિધિ પુર્વક, સ્નાન કરીને આકાશમાં તારા દેખાતા હોય ત્યાં સંધ્યોપાસન કરવું જોઇએ; તેથીજ કહેલ છે કેઃ

**अकाले विहिता या सा संध्या वंध्या वधूरिव ।**

અર્થ સમયવિના જે સંધ્યા કરેલી છે તે વાંઝણી સ્ત્રીની માફક છે એટલે વાંઝણી સ્ત્રીથી ગૃહસ્થાશ્રમના ફળરૂપ સંતતિ થતી નથી તેમ સમય વગર સંધ્યા કરી હોય તો તેનાથી બ્રહ્મત્વરૂપ ફલની સિદ્ધિ થતી નથી તેથીજ કહેલ છે કેઃ

**सप्ताहं प्रातरस्नायी द्विजः शूद्रत्वमाप्नुयात् ॥**

અર્થ સાત દિવસ સુધી પ્રાતઃકાલમાં ( ચાર ઘડી રાત્રિ હોય ત્યાં ) સ્નાન નહીં કરનાર દ્વિજ શૂદ્રપણાને પ્રાપ્ત થાય. એમ કહેલ છે તેનો અભિપ્રાય પણ એજ છે કે ચાર ઘડી પાછલી રાત્રિ હોય ત્યાં સ્નાન કરે તો આકાશમા તારા હોય ત્યાં સંધ્યોપાસન થાય. આતો એક પ્રાતઃકાલમાં ઉઠવું, સ્નાન કરવું અને સંધ્યોપાસન કરવું એટલીજ બાબત આવી તે પણ કેટલાથી બની શકે છે ? એ ઉપર વિચાર કરતાં અગ્નિહોત્રાદિક જે કર્મમાર્ગમાં આવશ્યક છે તે તો બનવાની વાત દૂરજ રહી. તેમ ત્રણ પેઢીમાં જો સોમપાન થાય નહી તો તે દુર્બ્રાહ્મણ કહેવાય છે એમ વેદમાં લખ્યું છે; તે વિચારીએ તો તો દુર્બ્રાહ્મણ સિવાયનો બ્રાહ્મણ ( સદ્બ્રાહ્મણ ) દૃષ્ટિયે આવવો પણ મુશ્કિલ છે. વધારે શું કહીયે પણ એક દિવસ ( સૂર્યોદયથી તે આખો દિવસ અને આખી રાત્રિ ગયા પછી પાછો

સૂર્યોદય થાય ત્યાંસુધી ) કર્મમાર્ગ પ્રમાણે ચાલવાનું તો ક્યાંથીજ બની શકે ? માટે કર્મમાર્ગ પ્રમાણે ચાલવાનું જે કોઈ અભિમાન ધરાવતા હોય અથવા બીજાને તે પ્રમાણે ચાલવાનો બોધ કરતા હોય તે કેવલ પોતે ભ્રમિત થઈ બીજાને પણ ભ્રમના સમુદ્રમાં ડુબાવે છે એમ સમજવું, બાકી કર્મમાર્ગ પણ આજના સમયમાં સિદ્ધ નથી. ત્યારે હવે શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલ જ્ઞાન, કર્મ અને ભકિત એ ત્રણ માર્ગમાંથી ભકિતમાર્ગજ કલ્યાણ કરનાર રહ્યો તે સારૂ ભકિતનું સ્વરૂપ જાણવા માટે ઉપર ભકિતહંસ નામનો ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તે ઉપરથી ભકિતનું સ્વરૂપ અને તેની મહોટાઈ સર્વના જાણવામાં આવેલ હશે, હવે કેટલાએક લોકોનેએવી શંકા થાય છે કે ભકિતનું એવું મહાત્મ્ય છે ત્યારે સર્વ વિદ્વાનો ભકિતમાર્ગમાંજ પ્રવૃત્ત કેમ થતા નથી ? એવી શંકાની નિવૃત્તિ માટે તેમજ જ્ઞાન, કર્મ અને ભકિત એમ ત્રણમાર્ગ શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહ્યા છે ત્યાં કહ્યું છે કેઃ

**योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयोविधित्सया ।**
**ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कर्हिचित् ॥**

અર્થ–મનુષ્યોનું કલ્યાણ કરવાની ઇચ્છાવડે જ્ઞાન, કર્મ અને ભક્તિ એમ ત્રણ યોગ મેં કહ્યા છે. તે સિવાય બીજો ઉપાય ક્યાંય નથી. એમ કહ્યું છે ત્યાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ માર્ગ સિવાય બીજો માર્ગ તો કલ્યાણને માટે નથી એમ શ્રીકૃષ્ણ ભગવાનેજ ઉદ્ધવજી પ્રત્યે કહ્યું છે ત્યારે તે સિવાયનો માર્ગ હોય તે કલ્યાણનો માર્ગ કહેવાય નહિ.

સમાપ્ત